DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલપાત્ર

ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ

ફોજદારી અપીલીય હકૂમત

ફોજદારી અપીલ નં. ૧૬૫૬ / ૨૦૨૨

(સ્પેશિયલ લીવ પિટિશન (ક્રિ.) ૭૬૯૬/૨૦૨૧ માંથી ઉદ્ભવેલ)

જીગર ઉર્ફે જીમ્મી પ્રવિણચંદ્ર આડતિયા ... અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય ....સામાવાળા(ઓ)

સાથે

ફોજદારી અપીલ નં. ૧૬૫૭ / ૨૦૨૨

(સ્પેશિયલ લીવ પિટિશન (ક્રિ.) ૭૬૦૯/૨૦૨૧ માંથી ઉદ્ભવેલ)

સાથે

ફોજદારી અપીલ નં. ૧૬૫૮–૧૬૫૯ / ૨૦૨૨

(સ્પેશિયલ લીવ પિટિશન (ક્રિ.) ૭૬૭૮–૭૬૭૯/૨૦૨૧ માંથી ઉદ્ભવેલ)

સાથે

ફોજદારી અપીલ નં. ૧૬૬૦ / ૨૦૨૨

(સ્પેશિયલ લીવ પિટિશન (ક્રિ.) ૭૭૫૮/૨૦૨૧ માંથી ઉદ્ભવેલ)

ચુકાદો

ન્યાયમૂર્તિ અભય એસ. ઓકા

પરવાનગી આપવામાં આવી.

તથ્યાત્મક પાસાંઓ

૨. અપીલકર્તાઓ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ (ટૂંકમાં '૨૦૧૫નો અધિનિયમ') ની કલમ ૩(૧), ૩(૨), ૩(૩), ૩(૪), ૩(૫) અને ૪ હેઠળના ગુનાઓ સબબ ગુજરાતના જામનગર સિટી 'એ' ડિવિઝન પોલીસસ્ટેશનમાં નોંધાયેલી એફ.આઇ.આર. નં. ૧૧૨૦૨૦૦૮૨૦૨૧૮૬૨૦૨૦ માં આરોપી છે. ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ (ટૂંકમાં 'ફો.કા.સં.')ની કલમ ૧૬૭ માં ૨૦૧૫ના અધિનિયમ હેઠળ સજાપાત્ર ગુનાઓ સાથે સંકળાયેલા કેસોના સંબંધે સુધારો કરવામાં આવ્યો છે. ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) ના આધારે, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨)ની હાલની જોગવાઈ ઉપરાંત એક પરંતુક ઉમેરવામાં આવ્યું છે, જે ૨૦૧૫ના અધિનિયમ હેઠળ સ્થાપિત વિશેષ અદાલતને તપાસ પૂરી કરવા માટેનો ૯૦ દિવસનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવાની છૂટ આપે છે. વિશેષ અદાલતને તપાસની પ્રગતિ તેમજ ૯૦ દિવસના સમયગાળાથી આગળ આરોપીની અટકાયત ચાલુ રાખવા માટેના

ચોક્કસ કારણો દર્શાવતા સરકારી વકીલના અહેવાલ પર તે સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવાનો અધિકાર છે.

૩. ઉપરોક્ત પ્રથમ માહિતી અહેવાલ ૧૫ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ નોંધવામાં આવ્યો હતો. આરોપીઓની અલગ–અલગ તારીખે ધરપકડ કરવામાં આવી હતી. સરકારી વકીલ દ્વારા અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં તપાસ પૂરી કરવા માટેનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવાની માંગ કરવામાં આવી હતી. ત્રણ કેસોમાં, અહેવાલો ૮ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ રજૂ કરવામાં આવ્યા હતા, અને એક કેસમાં તે ૨૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો. જે દિવસે અરજીઓ દાખલ કરવામાં આવી હતી, તે જ દિવસે વિશેષ અદાલતે સમગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવા માટેની દાદ મંજૂર કરી દીધી હતી. વિશેષ અદાલતના ઉપરોક્ત હુકમોથી વ્યથિત અપીલકર્તાઓ દ્વારા ફો.કા.સં.ની કલમ ૪૮૨ હેઠળ અલગ–અલગ અરજીઓ કરવામાં આવી હતી. તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧ રોજના વાદગ્રસ્ત કોમન જજમેન્ટ અન્વયે ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજે ફો.કા.સં.ની કલમ ૪૮૨ હેઠળ અપીલકર્તાઓ દ્વારા કરવામાં આવેલી અરજીઓ ફગાવી હતી. ધરપકડની સંબંધિત તારીખો અને અરજી કરવાની તારીખો અંગેની વિગતો નીચે મુજબ છેઃ –

અનુ	આરોપીનું નામ	વિગત	ધરપકડની તારીખ	ગુજસીટોક ની કલમ ૨૦(૨)(બી) હેઠળ અરજી દાખલ કર્યા તારીખ	ડિફોલ્ટ જામીન માટેની અરજી દાખલ કર્યા તારીખ
૧	નિલેશભાઇ મનસુખભાઇ ટોલિયા	ફોજદારી પરચુરણ અરજી નં. ૪૯૦૧/૨૦૨૧ (એસ.એલ.પી. (ફો.) નં. ૭૭૫૮/૨૦૨૧	૧૬/૧૦/૨૦૨૦	૦૮/૦૧/૨૦૨૧ તે જ દિવસે મંજૂર કરવામાં આવી.	૦૪/૦૨/૨૦૨૧
૨	વસંતભાઇ ઉર્ફ વસંતરાય લિલાધરભાઇ માનસટા	ફોજદારી પરચુરણ અરજી નં. ૪૯૦૨/૨૦૨૧ (એસ.એલ.પી. (ફો.) નં. ૭૬૦૯/૨૦૨૧)	૦૧/૧૧/૨૦૨૦	૨૧/૦૧/૨૦૨૧ તે જ દિવસે મંજૂર કરવામાં આવી.	૦૨/૦૨/૨૦૨૧
૩	યશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા અને જશપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા	ફોજદારી પરચુરણ અરજી નં. ૪૯૦૪/૨૦૨૧ (એસ.એલ.પી. (ફો.) નં. ૭૬૭૮–૭૯/૨૦૨૧)	૨૮–૨૯/૧૦/૨૦૨૦	૦૮/૦૧/૨૦૨૧ તે જ દિવસે મંજૂર કરવામાં આવી.	૦૩/૦૨/૨૦૨૧
૪	જિગર ઉર્ફ જીમ્મી પ્રવિણચંદ્ર આડતિયા	ફોજદારી પરચુરણ અરજી નં. ૪૯૨૮/૨૦૨૧ (એસ.એલ.પી. (ફો.) નં. ૭૬૯૬/૨૦૨૧)	૧૬/૧૦/૨૦૨૦	૦૮/૦૧/૨૦૨૧ તે જ દિવસે મંજૂર કરવામાં આવી.	૦૩/૦૨/૨૦૨૧

૪. અપીલના સમર્થનમાં અરજ કરાયેલ મુખ્ય આધાર એ હતો કે, જ્યારે સ્પેશયલ કોર્ટે વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટરે રજૂ કરેલ અહેવાલો પર, તપાસ પૂરી કરવાનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવતાં, હુકમો પસાર કર્યા હતા, ત્યારે એક પણ આરોપીને પ્રયક્ષ કે વિડિયો કોન્ફરન્સિંગથી હાજર રાખવામાં આવ્યા નહોતા અને તેઓને પબ્લિક પ્રોસીક્યુટરે રજૂ કરેલ અહેવાલોથી માહિતગાર પણ કરવામાં આવ્યા નહોતા.

<u>અપીલકર્તાઓની રજૂઆતો</u>

૫. અપીલકર્તાઓ વતી હાજર વિદ્વાન સિનિયર કાઉન્સેલ સુશ્રી નિત્યા રામકૃષ્ણને વિગતવાર રજૂઆતો કરી છે. **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર અને અન્યો વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્યો**[1] તેમજ **સંજય દત્ત વિરુદ્ધ રાજ્ય, વતી સી.બી.આઈ., બોમ્બે (II)**[2]ના કેસમાં આ અદાલતના ચુકાદાઓ પર આધાર લેવામાં આવ્યો. તેણીની રજૂઆત એ છે કે, જ્યારે વિશેષ અદાલતે ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલ પરંતુક હેઠળની સત્તાનો ઉપયોગ કર્યો, ત્યારે અપીલકર્તાઓને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પણ હાજર રાખવામાં આવ્યા નહોતા. એ સાચું છે કે, તપાસ પૂરી કરવાનો સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવાની માંગ કરતાં, સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવેલ

1 (૧૯૯૪) ૪ એસ.સી.સી. ૬૦૨
2 (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૪૧૦

અહેવાલો પર વિચાર કરવામાં આવે તે પહેલાં, વિશેષ અદાલતે અપીલકર્તાઓને આવાં અહેવાલો વિશે જાણ કરી નહોતી. તેણીની રજૂઆત એ છે કે **સંજય દત્ત**ના કેસમાં, આ અદાલતની બંધારણીય ખંડપીઠે સ્પષ્ટપણે ઠેરવ્યું છે કે, જે તારીખે આવા અહેવાલ પર વિચારણાં કરવામાં આવે, તે તારીખે વિશેષ અદાલત સમક્ષ આરોપીને હાજર કરવો ફરજિયાત છે અને આરોપીને અદાલત સમક્ષ હાજર કરીને, તેને સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા આવા અહેવાલ વિશે જાણ કરવી રહી. આમ, તે આ અદાલતની બંધારણીય બેન્ચ દ્વારા પ્રસ્થાપિત કાનૂની આદેશનું ઉલ્લંઘન છે. તેણીએ ધ્યાન દોર્યું હતું કે અપીલકર્તાઓએ ડિફોલ્ટ જામીન માટેની અરજીઓ દાખલ કરી હતી, કારણ કે, તેઓ તપાસનો સમયગાળો લંબાવવા માટેના સરકારી વકીલ દ્વારા દાખલ કરાયેલ અહેવાલો અને તે સબબના વિશેષ અદાલતના હુકમોથી વાકેફ નહોતા. વિશેષ અદાલતે સમયગાળો લંબાવવાને આપેલ મંજૂરીની દ્રષ્ટિએ, અપીલકર્તાઓના ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) હેઠળ ડિફોલ્ટ જામીન માટેના કેસને વિશેષ અદાલતે ગ્રાહ્ય રાખ્યો નહોતો. ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ પોલીસ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેણીની રજૂઆત છે કે, તપાસ પૂરી કરવાનો સમયગાળો લંબાવવાનો હુકમ સંપૂર્ણપણે ગેરકાયદેસરનો છે, કેમ કે, તે **સંજય દત્ત**ના કેસમાં પ્રસ્થાપિત કાયદાને અનુસર્યા સિવાય પસાર કરવામાં આવ્યો છે. તેણીની રજૂઆત એ છે કે, સમયગાળો લંબાવવાને મંજૂરી આપતો વિશેષ અદાલતે પસાર કરેલ હુકમ રદ થવાપાત્ર છે. અપીલકર્તાઓ દ્વારા ડિફોલ્ટ જામીન માટેની

અરજીઓ કાયદા મુજબનો ૯૦ દિવસનો સમયગાળો પૂરો થયાં પછી, પરંતુ ચાર્જશીટ દાખલ થયાં પહેલાં, કરવામાં આવી હોઇ, અપીલકર્તાઓ ડિફોલ્ટ જામીન માટે હકદાર છે.

૬. વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી હતી કે, **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર**ના કેસમાં આ અદાલતના ચુકાદામાં **સંજય દત્ત** કેસમાં બંધારણીય ખંડપીઠે ખૂબ જ મર્યાદિત પાસાંઓ પર સુધારો કર્યો હતો. તેણીએ રજૂઆત કરી હતી કે, સમયગાળો લંબાવવાની માંગ કરતો અહેવાલ ધ્યાને લેતાં સમયે આરોપીને હાજર રાખવાની આવો અહેવાલ દાખલ થયો હોવાની આરોપીને જાણ કરવાની **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર** કેસમાં પ્રસ્થાપિત કાયદાની આવશ્યકતાને **સંજય દત્ત** કેસમાં ખલેલ પહોંચાડવામાં આવી નથી. તેનાથી વિપરીત, **સંજય દત્ત** કેસમાં બંધારણીય બેંચના ચુકાદામાં સરકારી વકીલે રજૂ કરેલ અહેવાલની વિચારણા સમયે આરોપીને અદાલત સમક્ષ હાજર કરવાની ફરજિયાત આવશ્યકતાનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર**ના ચુકાદામાં બંધારણીય બેન્ચે કરેલ એકમાત્ર સુધારો એવું ઠેરવીને કરવામાં આવ્યો છે કે, આરોપીને નોટિસ આપવાની રીત એ રહે કે તેને વિશેષ અદાલત સમક્ષ હાજર કરીને આવો અહેવાલ દાખલ થયાની જાણ કરવાની છે અને લેખિત નોટિસની જરૂર નથી. તેણીની રજૂઆત છે કે, **સંજય દત્ત** કેસમાં આ અદાલતે સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવવાની માંગ કરતો અહેવાલ દાખલ થયા અંગે આરોપીને જાણ કરવી આવશ્યક હોવાનું પ્રસ્થાપિત કર્યું છે, જેથી, દેખીતી રીતે, આવી જાણકારી

મળતાં આરોપી સમયગાળો લંબાવવાની મંજૂરી માંગતી પબ્લિક પ્રોસિક્યુટરની અરજ સામે વાંધો લેવા હકદાર છે. જો કે, વિશેષ અદાલતે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલની નકલ આરોપીઓને પૂરી પાડવી જરૂરી નથી. તેણીની રજૂઆત એ છે કે, ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) થકી ઉમેરવામાં આવેલી પરંતુક ટેરરિસ્ટ એન્ડ ડિસ્રપ્ટિવ એક્ટિવિટિસ (પ્રિવેન્શન) એક્ટ, ૧૯૮૭ (ટૂંકમાં 'ટાડા અધિનિયમ')ની કલમ ૨૦ની પેટા–કલમ (૪) ના ક્લોઝ (બીબી) થકી ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલ પરંતુકના પારી મટિરિઆ (એક જ વિષય કે બાબત પરની સમાન સામગ્રી) છે. આથી, **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર** અને **સંજય દત્ત**ના કેસમાં આ અદાલતના ચુકાદાઓ સદરહુ કેસની હકીકતો પર સંપૂર્ણપણે લાગુ પડશે. તેણીએ ધ્યાન દોર્યું કે, **સંજય દત્ત** કેસમાં આ અદાલતનો ચુકાદો આ અદાલતના ઘણાં બધાં નિર્ણયોમાં, સતતપણે, અનુસરવામાં આવ્યો હતો. **આતિફ નાસિર મુલ્લા વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય**[3]ના કેસમાં, આતંકવાદ નિવારણ અધિનિયમ, ૨૦૦૨ (ટૂંકમાં 'પોટા')ની કલમ ૪૯ ની પેટા–કલમ (૨) ના ક્લોઝ(બી) હેઠળની આવી જ જોગવાઈઓ બાબત કામ ચલાવતી વખતે, આ અદાલતે તેનાં ઉપરોક્ત બે ચુકાદાઓમાં પ્રસ્થાપિત કાયદાને અનુસર્યો છે. તેણીએ રજૂઆત કરી કે, **સંજય કુમાર કેડિયા ઉર્ફે સંજય કેડિયા વિરુદ્ધ ઇન્ટેલિજન્સ ઓફિસર, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અને અન્ય એક**[4]ના કેસમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ

3 (૨૦૦૫) ૭ એસ.સી.સી. ૨૯
4 (૨૦૦૯) ૧૭ એસ.સી.સી. ૬૩૧

સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ (ટૂંકમાં 'એન.ડી.પી.એસ. એક્ટ')ની આવી જ જોગવાઈ બાબત કામ ચલાવતી વખતે, આ અદાલતે **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર**ના કેસના ચુકાદાને અનુસર્યો હતો. વિદ્વાન સિનિયર કાઉન્સેલે **એસ.કાસી વિરુદ્ધ રાજ્ય વતી પોલીસ ઇન્સપેક્ટર, સમાયનુલ્લર પોલીસમથક, મદુરાઈ જિલ્લો**[5]ના કેસમાં આ અદાલતના ચુકાદા તરફ પણ અમારું ધ્યાન દોર્યું હતું. તેણીએ **બિક્રમજીત સિંહ વિરુદ્ધ પંજાબ રાજ્ય**[6]ના કેસના અન્ય એક ચુકાદા તરફ પણ અમારું ધ્યાન દોર્યું હતું. તેમણે દલીલ કરી કે, ઉપરોક્ત બંને ચુકાદાઓમાં આ અદાલતે એવું ઠેરવ્યું છે કે, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા-કલમ (૨) હેઠળ ડિફોલ્ટ જામીન મેળવવાનો અધિકાર માત્ર એક કાનૂની અધિકાર નથી, પરંતુ આરોપીઓને જેની બાંયધરી આપવામાં આવી છે તેવો મૂળભૂત અધિકાર છે. તેણીએ **એમ.રવિન્દ્રન વિરુદ્ધ ઇન્ટેલિજન્સ ઓફિસર, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટલીજન્સ**[7]ના કેસમાં આ અદાલતના નિર્ણયનો સંદર્ભ કર્યો, જેમાં ઠેરવવામાં આવ્યું છે કે, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા-કલમ (૨), ગેરકાયદેસર અને મનસ્વી અટકાયત સામે જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ કરવાનું વચન આપતી, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળની બંધારણીય પ્રતિબદ્ધતા સાથે અવિભાજ્યપણે જોડાયેલ છે. આથી, કલમ ૧૬૭ની પેટા-કલમ (૨) ની જોગવાઈનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ કે જેથી આ ઉદ્દેશ

5 ૨૦૨૦ એસ.સી.સી. ઓનલાઇન એસ.સી. ૫૨૯
6 (૨૦૨૦) ૧૦ એસ.સી.સી. ૬૧૬
7 (૨૦૨૧) ૨ એસ.સી.સી. ૪૮૫

પૂરો થાય. તેણીએ **મુઝમ્મિલ પાશા અને અન્યો વિગેરે વિરુદ્ધ નેશનલ ઇન્વેસ્ટિગેટિંગ એજન્સી વિગેરે**[8]ના કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયનો પણ આધાર લીધો હતો.

૭. તેણીની રજૂઆત એ છે કે, **સંજય દત્ત** કેસમાં બંધારણીય બેન્ચે પ્રસ્થાપિત કરેલ કાયદાનું ઉલ્લંઘન કરી, વિશેષ અદાલત દ્વારા તપાસનો સમય લંબાવવામાં આવ્યો હતો. તેથી, ઉપરોક્ત હુકમ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે, કારણ કે, તે અપીલકર્તાઓના ડિફોલ્ટ જામીન મેળવવાના એ અધિકારનું ઉલ્લંઘન કરે છે, જેને એવાં મૂળભૂત અધિકાર તરીકે ઠેરવવામાં આવ્યો છે, જેની બાંહેધરી ભારતના બંધારણનો અનુચ્છેદ ૨૧ આપે છે.

<u>સામાવાળાની રજૂઆતો</u>

૮. ભારતના વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ (એ.એસ.જી.) શ્રી અમન લેખીએ રજૂઆત કરી કે, સમય વધારવાની માંગ કરતાં સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલોની લેખિત નોટિસ મેળવવા માટે આરોપી હકદાર નથી. તેમણે રજૂઆત કરી કે, જે તબક્કે વિશેષ અદાલત સરકારી વકીલના અહેવાલ પર વિચારણાં કરે છે, ત્યારે તપાસ ચાલી રહી હોય છે. તેમની રજૂઆત એ છે કે, સમય લંબાવવાની બાબતમાં આરોપીએ કશું કહેવાનું હોતું નથી, કારણ કે, તપાસના તબક્કે સુનાવણીનો તેને કોઈ અધિકાર નથી. તેમણે **નરેન્દ્ર જી.**

8 ૨૦૨૧ એસ.સી.સી. ઓનલાઇન કે.એ.આર. ૧૨૬૮૮

ગોયલ વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય એક[9]ના કેસમાં આ અદાલતના નિર્ણય પર આધાર લીધો હતો.

૯. વિદ્વાન એ.એસ.જી.એ વધુમાં રજૂઆત કરી કે, સમય વધારવા માટે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલની વિચારણા ખૂબ જ મર્યાદિત છે. તેમણે **મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ સુરેન્દ્ર પુંડલિક ગાડલિંગ અને અન્યો**[10]ના કેસમાં આ અદાલતના ચુકાદા પર આધાર લીધો.

૧૦. તેમણે રજૂઆત કરી કે, જો સરકારી વકીલ તપાસમાં થયેલ પ્રગતિ અને આરોપીઓની અટકાયત ૯૦ દિવસના સમયગાળા પછી પણ ચાલુ રાખવા માટેના ચોક્કસ કારણો દર્શાવતો અહેવાલ રજૂ કરે તો, વિશેષ અદાલત પાસે સમયગાળો લંબાવવાની સત્તા છે. તેમણે રજૂઆત કરી કે, હાલના કેસમાં સરકારી વકીલે રજૂ કરેલ અહેવાલો સૂચવે છે કે સરકારી વકીલે પૂરતી વિચારણાં કરી હતી અને જરૂરી તમામ વિગતો રજૂ કરવામાં આવી હતી. તેમણે દલીલ કરી કે, **સંજય કુમાર કેડિયા** કેસમાં આ અદાલતનો નિર્ણય પર-ઇન્ક્યુરિયમ (બીનઅનુસરણપાત્ર ન્યાયિક નિર્ણય) છે, કારણ કે **સંજય દત્ત** કેસમાં આ અદાલતે તેને બંધનકર્તા ઉદાહરણ તરીકે ધ્યાને લીધો નહોતો.

૧૦. તેમની રજૂઆત એ છે કે, આરોપીને અદાલત સમક્ષ રજૂ કરવાની જવાબદારી ત્યારે જ ફરજિયાત છે, જ્યારે પોલીસ કસ્ટડીમાં તેની અટકાયતની માંગ કરવામાં આવી હોય. તેમણે રજૂઆત કરી હતી કે, જે દિવસે વિશેષ અદાલતે

9 (૨૦૦૯) ૬ એસ.સી.સી. ૬૫
10 (૨૦૧૯) ૫ એસ.સી.સી. ૧૭૮

સમય લંબાવવાની વિનંતી પર વિચારણા કરી તે દિવસે માત્ર આરોપીઓને રજૂ નહિ કર્યા હોવાથી સમયગાળો લંબાવવાના હુકમો દૂષિત બની શકે નહીં. તેમની રજૂઆત એ છે કે, ફો.કા.સં.ની કલમ ૪૬૦ની દ્રષ્ટિએ, આ હુકમ રદબાતલ થાય નહીં. તેમની રજૂઆત એ છે કે, કોઈ પણ સંજોગોમાં, અપીલકર્તાઓને હાજર નહિ રાખવાને કારણે કોઈ પૂર્વગ્રહ થયો નથી અને તે સબબ ન્યાયની કોઈ નિષ્ફળતા ઘટી નથી. વિદ્વાન એ.એસ.જી.એ રજૂઆત કરી હતી કે, કોવિડ–૧૯ની પરિસ્થિતિઓને કારણે આરોપીની ભૌતિક હાજરી શક્ય નહોતી અને અપૂરતી બેન્ડવિડ્થને કારણે આરોપીઓની વર્ચ્યુઅલ હાજરી થઈ શકી નહી. તેમણે રજૂઆત કરી કે, વડી અદાલત દ્વારા આપવામાં આવેલા કારણો નક્કર અને સાચાં છે.

<u>અપીલકર્તાઓનો પ્રત્યુત્તર</u>

૧૧. પ્રત્યુત્તર અન્વયે, અપીલકર્તા વતી હાજર વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી કે, **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર** કેસમાં પ્રસ્થાપિત થયેલ કાયદાને ખલેલ પહોંચાડ્યા વિના, **સંજય દત્ત** કેસમાં બંધારણીય ખંડપીઠે ઠેરવ્યું છે કે, આરોપીને લેખિત નોટિસ આપવી જરૂરી નથી અને જો આરોપી અદાલતમાં હાજર હોય અને તેને જાણ કરવામાં આવી હોય કે તપાસ પૂરી કરવા માટેનો સમય લંબાવવાની વિનંતી પર વિચાર કરવામાં આવી રહ્યો છે, તો તેટલું પૂરતું રહેશે. તેણીએ રજૂઆત કરી કે, જાન્યુઆરી ૨૦૨૧માં જ્યારે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલો પર વિશેષ અદાલત વિચારણાં કરી રહી હતી, ત્યારે તત્કાલિન

પ્રવર્તમાન સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર આરોપીઓને પ્રત્યક્ષપણે અદાલતમાં રજૂ કરવાથી પ્રતિબંધિત કરતી હોવાનું કે આરોપીઓને વર્ચ્યુઅલી રજૂ કરવા માટેની યોગ્ય કનેક્ટિવિટી નહિ હોવાનું દર્શાવતી કોઈ સામગ્રી રેકોર્ડ પર મૂકવામાં આવી નથી. તેણીની રજૂઆત એ છે કે, ઉપરોક્ત પ્રતિપાદનનો કોઈ આધાર નથી.

<u>વધુ રજૂઆતો</u>

૧૨. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ રજૂઆતો પૂર્ણ થઈ હતી. ત્યારબાદ, અમારા ધ્યાને આવ્યું કે, રજૂઆતો દરમિયાન, ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૫) અમારા ધ્યાનમાં લાવવામાં આવી નહોતી. તેથી, ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ, અપીલને વધુ સુનાવણી સબબ ફરીથી બોર્ડ પર સૂચિબદ્ધ કરવામાં આવી હતી, અને ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૫) લાગુ પડવાના મર્યાદિત મુદ્દા પર વધુ રજૂઆત કરવા માટે પક્ષકારો વતી હાજર વિદ્વાન કાઉન્સેલને સમય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, બેન્ચના બંધારણમાં થયેલ ફેરફારને કારણે અપીલ તાત્કાલિક સૂચિબદ્ધ થઈ શકી નહોતી. આખરે, ૨૩ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ વધુ રજૂઆતો સાંભળવામાં આવી હતી.

૧૩. અપીલકર્તાઓ વતી હાજર વિદ્વાન સિનિયર કાઉન્સેલ સુશ્રી નિત્યા રામકૃષ્ણને ધ્યાન દોર્યું હતું કે, જે ફો.કા.સં.ની જોગવાઈઓને ઉપરવટ થતી, કલમ ૨૦ની પેટા–કલમ (૫) જોગવાઈ કરે છે કે, જો વિશેષ અદાલતના ધ્યાને

આવે કે, પ્રશ્નવાળા ગુન્હાની તારીખે આરોપી ૨૦૧૫ના અધિનિયમ હેઠળ કે અન્ય કોઈ અધિનિયમ હેઠળ જામીન પર હતો, તો આરોપીના જામીન મંજૂર કરવાના રહેશે નહીં અને આ આ બાબત અપીલકર્તાઓને ડિફોલ્ટ જામીન મેળવવાના માર્ગમાં આવશે નહિ. તેમણે ધ્યાન દોર્યું કે, મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ, ૧૯૯૯ (ટૂંકમાં, 'મકોકા')ની કલમ ૨૧ની પેટા–કલમ (૫) ના સ્વરૂપમાં આવી જ જોગવાઈ **ભરત શાંતિલાલ શાહ અને અન્યો વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય**[11]ના કેસમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા આંશિકપણે રદ કરવામાં આવી છે. તેણીએ ધ્યાન દોર્યું કે, **મહારાષ્ટ્ર રાજ્ય વિરુદ્ધ ભારત શાંતિ લાલ શાહ અને અન્યો**[12]ના કેસમાં આ અદાલતે ઉપરોક્ત દ્રષ્ટિકોણને અનુમોદિત કર્યો છે. આ અદાલતે, નોંધવામાં આવેલ કારણોસર, ઠેરવ્યું હતું કે, મકોકાની કલમ ૨૧ની પેટા–કલમ (૫) માં જોવા મળતી "અથવા અન્ય કોઈ અધિનિયમ હેઠળ" અભિવ્યક્તિ મનસ્વી અને ભેદભાવપૂર્ણ હતી.

<u>સોલિસિટર જનરલ ઓફ ઇન્ડિયાની પ્રતિક્રિયા</u>

૧૪. ભારતના વિદ્વાન સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતાએ રજૂઆત કરી કે, **ભારત શાંતિલાલ શાહ** કેસમાં આ અદાલતે પ્રસ્થાપિત કરેલ કાયદાની દ્રષ્ટિએ, ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૫) પોતે અપીલકર્તાઓને ડિફોલ્ટ જામીન મેળવવાના માર્ગમાં અવરોધ નહીં બને. અદાલતની પરવાનગીથી, તેમણે વધારાની રજૂઆતો કરી હતી. તેમણે કાર્યવાહીને દૂષિત

11 ૨૦૦૩ ઓલ એમ.આર. (ક્રિ.) ૧૦૬૧
12 (૨૦૦૮) ૧૩ એસ.સી.સી. ૫

કરતી અનિયમિતતાઓની સંપૂર્ણ યાદી ધરાવતી ફો.કા.સં.ની કલમ ૪૬૧ પર આધાર લીધો હતો. તેમણે દલીલ કરી કે, આ કેસમાં આરોપ કરાયેલ અનિયમિતતા ઉક્ત જોગવાઈમાં સમાવિષ્ટ અનિયમિતતાઓની સૂચિનો ભાગ નથી. તેમણે ફો.કા.સં.ની કલમ ૪૬૫ની પેટા–કલમ (૨) તરફ પણ અમારું ધ્યાન દોર્યું. તેમની રજૂઆત એ છે કે, **સંજય દત્ત**ના કેસમાં આ અદાલત દ્વારા ઠેરાવવામાં આવ્યું છે તેમ, તપાસ હાથ ધરવા માટે આપવામાં આવેલા સમયગાળાને લંબાવવા માટેની સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી અરજીની લેખિત નોટિસ મેળવવા માટે આરોપી હકદાર નથી અને જ્યારે વિશેષ અદાલત દ્વારા અરજીની સુનાવણી કરવામાં આવે ત્યારે માત્ર તેને હાજર રાખવાનો રહે છે. તેમણે રજૂઆત કરી હતી કે આરોપી ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨)ની જોગવાઈ હેઠળ કરવામાં આવેલી અરજી/અહેવાલની નકલ મેળવવા માટે હકદાર નથી અને તેથી, તે સરકારી વકીલના અહેવાલ બાબત કોઈ રજૂઆત કરવા માટે પણ હકદાર નથી. તેમણે રજૂઆત કરી હતી કે, સમયગાળો લંબાવવા માટેની અરજીઓની સુનાવણી વખતે તપાસ એજન્સીની તેમને વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં નિષ્ફળતાને પરિણામે અપીલકર્તાઓને કોઈ પક્ષપાત થયો નથી. તેમણે રજૂઆત કરી હતી કે, સમયગાળો લંબાવવાની અરજીઓ સાંભળ્યા તારીખે અપીલકર્તાઓને હાજર રાખવામાં નિષ્ફળતા એ માત્ર કાર્યવાહીમાંની અનિયમિતતા છે, જેની સંજ્ઞાન, સુનાવણી ઇત્યાદિ જેવા આગળના તબક્કાઓ પર કોઈ અસર પડશે નહીં. આ પાસા પર, તેમણે **ફર્ટિકો**

માર્કેટિંગ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ અને અન્યો વિરુદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન અને અન્ય એક[13]ના કેસમાં આ અદાલતના નિર્ણય પર આધાર લીધો હતો. તેમણે **સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા વગેરે વિરુદ્ધ ગૌરવ વાર્ષ્ણેય અને અન્ય એક વગેરે**[14]ના કેસમાં આ અદાલતના અન્ય એક નિર્ણય પર પણ આધાર લીધો હતો. તેમણે દલીલ કરી કે, વિશેષ અદાલત દ્વારા સમયગાળો લંબાવવામાં આવ્યા પછી, અપીલકર્તાઓએ ડિફોલ્ટ જામીન મેળવવા માટેની અરજીઓ દાખલ કરી હતી. તેથી, તેમણે રજૂઆત કરેલ કે અપીલકર્તાઓ ડિફોલ્ટ જામીન માટે હકદાર નથી. તેમણે એ પણ રજૂઆત કરી કે, અપીલકર્તાઓ સામેના આક્ષેપો ખૂબ જ ગંભીર પ્રકૃતિના છે. આ પાસાને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે.

<u>રજૂઆતો પર વિચારણાં</u>

૧૫. અમે રજૂઆતોને કાળજીપૂર્વક ધ્યાને લીધી છે. આ આખો મુદ્દો ૨૦૧૫ના અધિનિયમ દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલી જોગવાઈના અર્થઘટનની આસપાસ ફરે છે. તે હેતુ માટે, આપણે ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦નો સંદર્ભ લેવો રહ્યો. આ કલમ નીચે મુજબ વાંચે છેઃ –

> **"૨૦. સંહિતાની કેટલીક જોગવાઈઓમાં થયેલ સુધારા લાગૂ પાડવા બાબત:**

13 (૨૦૨૧) ૨ એસ.સી.સી. ૫૨૫
14 (૨૦૧૬) ૧૪ એસ.સી.સી. ૪૩૦.

(૧) સંહિતા કે અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોવા છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર દરેક ગુનાને સંહિતાની કલમ ૨ના ક્લોઝ (સી) ના અર્થમાં 'સંજ્ઞેય અપરાધ' અને તે ખંડમાં વ્યાખ્યાયિત 'સંજ્ઞેય કેસ' માનવાના રહેશે અને તે મુજબ તેનો અર્થ કરવાનો રહેશે.

(૨) સંહિતાની કલમ ૧૬૭ સદરહુ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના કેસ સબબ પેટા–કલમ (૨) માં કરવામાં આવેલા નીચે મુજબના સુધારાને આધિન લાગુ પડશે.

(એ) "પંદર દિવસ" અને "સાઠ દિવસ" નો સંદર્ભ, જ્યાં પણ આવે ત્યાં, અનુક્રમે "ત્રીસ દિવસ" અને "નેવું દિવસ" ના સંદર્ભ તરીકે અર્થઘટન કરવાનું રહેશે;

(બી) હાલના પરંતુક પછી, નીચે મુજબની પરંતુક ઉમેરવામાં આવે છે, એટલે કેઃ–

"વધુમાં જોગવાઈ કરવામાં આવે છે કે, જો ઉપરોક્ત નેવું દિવસના સમયગાળાની અંદર તપાસ પૂર્ણ કરવી શક્ય ન હોય તો, વિશેષ અદાલત, તપાસની પ્રગતિ અને આરોપીની અટકાયત માટેના ચોક્કસ કારણો દર્શાવતાં, સરકારી વકીલના અહેવાલ પર ઉપરોક્ત સમયગાળાને એકસો એંસી દિવસ સુધી લંબાવી શકે છે. "

(૩) સંહિતાની કલમ ૪૩૮ માંનું કંઈપણ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના કોઈ પણ આરોપી વ્યક્તિની ધરપકડ સાથે સંકળાયેલા કોઈપણ કેસના સંબંધમાં લાગુ પડશે નહીં.

(૪) સદરહુ સંહિતામાં ગમે તે મજકુર હોવા છતાં, આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના કોઈ પણ આરોપી વ્યક્તિને, જો કસ્ટડીમાં હોય તો, જામીન પર કે જાત–મુચરકા પર મુક્ત કરવામાં આવશે નહીં, સિવાય કે –

(એ) સરકારી વકીલને આવી મુક્તિની અરજીનો વિરોધ કરવાની તક આપવામા આવી હોય; અને

(બી) જ્યાં સરકારી વકીલે અરજીનો વિરોધ કર્યો હોય, ત્યાં વિશેષ અદાલતને ખાતરી થાય કે આરોપી આવા ગુના સબબ દોષી ન હોવાનો ભરોસો કરવા માટેના વાજબી આધારો છે અને તે જામીન પર હોય ત્યારે કોઈ ગુનો કરે તેવી શક્યતા નથી.

(૫) **સંહિતામાં ગમે તે મજકુર હોવા છતાં, જો વિશેષ અદાલતને ધ્યાને આવે કે, ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ હેઠળ અથવા અન્ય કોઈ અધિનિયમ હેઠળ જામીન પર હતો, તો તેના જામીન મંજૂર કરવાના રહેશે નહિ.**

(૬) જામીન મંજૂર કરવા પર પેટા–કલમ (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરાયેલ અંકુશ એ સંહિતા કે જામીન મંજૂર કરવા પર હાલમાં અમલમાં રહેલા અન્ય કોઈ કાયદા હેઠળના અંકુશો ઉપરાંતનો છે.

(૭) ન્યાયિક કસ્ટડીમાંથી આરોપ પૂર્વે અથવા ટ્રાયલ પૂર્વેની પૂછપરછ માટે કોઈપણ વ્યક્તિની કસ્ટડી માંગનાર પોલીસ અધિકારીએ, આવી કસ્ટડી માંગવાના કારણો અને પોલીસ કસ્ટડી માંગવામાં વિલંબ, જો કોઈ હોય તો, અંગે ખુલાસો કરતું લેખિત નિવેદન દાખલ કરવાનું રહેશે. "

[ભારપૂર્વક]

અમે ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમો (૧) અને (૨) અત્રે રજૂ કરીએ છીએ, જે નીચે મુજબ વાંચે છેઃ –

"૧૬૭. જ્યારે તપાસ ચોવીસ કલાકમાં પૂરી કરી શકાય તેમ ન હોય, ત્યારે કરવાની રહેતી કાર્યવાહી.

(૧) જ્યારે કોઈ વ્યક્તિની ધરપકડ કરી, કસ્ટડીમાં અટકાયત કરવામાં આવે અને એવું જણાય કે કલમ ૫૭ અન્વયે નિર્ધારિત ચોવીસ કલાકના સમયગાળામાં તપાસ પૂરી કરી શકાય તેમ નથી, અને આરોપ કે માહિતીના પૂરતા આધારો હોવાનું જણાતું હોય, ત્યારે, જો સબ–ઇન્સ્પેક્ટરથી ઓછો રેન્ક ધરાવતાં ન હોય તો, પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારી કે તપાસકર્તા પોલીસ અધિકારીએ તુરંત નિકટતમ ન્યાયિક મેજિસ્ટ્રેટને ડાયરીમાં નોંધાયેલી, કેસ સંબંધિત હવે પછી અત્રે સૂચવેલ, નોંધોની એક નકલ મોકલી આપવાની રહેશે, સાથે તે જ સમયે, આરોપીને આવા મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલી આપવાનો રહેશે.

(૨) આ કલમ હેઠળ આરોપી વ્યક્તિ જે મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલી આપવામાં આવે, પછી ભલે તે કેસ ચલાવવા માટે તેમની પાસે હુકુમત હોય કે ન હોય, તે મેજિસ્ટ્રેટ, સમયાંતરે કુલ પંદર દિવસથી વધુ મુદતની ન હોય તેવી, તેમને યોગ્ય લાગે તેમ આવી કસ્ટડીમાં આરોપીની અટકાયતને બહાલ કરી શકે છે; અને જો તેમની પાસે કેસ ચલાવવા કે ટ્રાયલ માટે કમિટ કરવાની હુકુમત ન હોય, અને વધુ અટકાયત તેમને બિનજરૂરી જણાતી હોય, તો તેઓ આરોપીને આવી હુકુમત ધરાવતાં મેજિસ્ટ્રેટને મોકલી આપવાનો હુકમ કરી શકે છેઃ

જે સબબ જરૂરી છે કે –

(એ) મેજિસ્ટ્રેટને ખાતરી થાય કે તેવું કરવાના પૂરતા આધારો છે, તો તેઓ આરોપી વ્યક્તિની, પોલીસ કસ્ટડી સિવાયની, અટકાયતને પંદર દિવસના સમયગાળાની વધુ સમય માટે બહાલ કરી શકે છે, પરંતુ આ

ફકરા હેઠળ કોઈપણ મેજિસ્ટ્રેટ આરોપી વ્યક્તિની અટકાયતને નીચે મુજબના સમયગાળા માટે બહાલ કરી શકશે નહીં.

(i) નેવું દિવસ, જ્યાં તપાસ મૃત્યુદંડ, આજીવન કેદ અથવા ઓછામાં ઓછી દસ વર્ષની કેદની સજાપાત્ર ગુના સાથે સંબંધિત હોય;

(ii) સાઠ દિવસ, જ્યાં તપાસ અન્ય કોઈ ગુના સાથે સંબંધિત હોય અને નેવું દિવસ કે સાઠ દિવસની, જે પણ લાગૂ પડતું હોય તે, મુદત પૂરી થાય ત્યારે, જો આરોપી વ્યક્તિ જામીન રજૂ કરવા તૈયાર હોય અને તે જામીન રજૂ કરે, તો તેને જામીન પર મુક્ત કરવાનો રહેશે, અને આ પેટા–કલમ હેઠળ જામીન પર મુક્ત કરાયેલી દરેક વ્યક્તિને સદરહુ પ્રકરણના હેતુઓ માટે પ્રકરણ ૩૩ ની જોગવાઈઓ હેઠળ મુક્ત કરવામાં આવી હોવાનું માનવાનું રહેશે.

(બી) **સિવાય કે આરોપી પ્રથમ વખત તેમજ ત્યારબાદ જ્યાં સુધી આરોપી પોલીસ કસ્ટડીમાં રહે ત્યાં સુધી પ્રત્યેક પ્રસંગે તેમની સમક્ષ સદેહે રજૂ કરવામાં આવે, કોઈપણ મેજિસ્ટ્રેટ પોલીસની કસ્ટડીમાં આરોપીની અટકાયત આ કલમ હેઠળ બહાલ કરશે નહીં, પરંતુ આરોપીને સદેહે અથવા ઈલેક્ટ્રોનિક વીડિયો લિંકેજ દ્વારા રજૂ કરવા પર મેજિસ્ટ્રેટ ન્યાયિક કસ્ટડીમાં આગળની અટકાયત લંબાવી શકે છે.**

(સી) વડી અદાલતે આ સબબ જેને વિશેષરૂપે સત્તા આપી ન હોય તેવા કોઈપણ સેકન્ડ ક્લાસ મેજિસ્ટ્રેટે પોલીસની કસ્ટડીમાં અટકાયત બહાલ કરવી નહિ.

સમજૂતી I: શંકાઓને ટાળવા સબબ, આથી જાહેર કરવામાં આવે છે કે, ફકરા (એ) માં નિર્દિષ્ટ સમયગાળો પૂરો થવા છતાં, જ્યાં સુધી આરોપી જામીન પૂરાં ન પાડે, ત્યાં સુધી તેને કસ્ટડીમાં રાખવાનો રહેશે.

સમજૂતી II: ક્લોઝ (બી) હેઠળ જે જરૂરી છે તે મુજબ, આરોપી વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો કે કેમ, તે સબબ પ્રશ્ન ઊભો થાય તો, આરોપી વ્યક્તિને રજૂ કર્યાનું, અટકાયતને બહાલ કરતા હુકમ પર તેની સહીથી કે મેજિસ્ટ્રેટ દ્વારા પ્રમાણિત કરાયેલ હુકમ દ્વારા સાબિત કરી શકાશે.

વધુમાં જોગવાઈ કરવામાં આવી છે કે, અઢાર વર્ષથી ઓછી વયની મહિલાના કિસ્સામાં રિમાન્ડ હોમ કે માન્યતા પ્રાપ્ત સામાજિક સંસ્થાની કસ્ટડીમાં રાખેલ અટકાયત અધિકૃત રહેશે."

[ભારપૂર્વક]

૧૬. આમ, ૨૦૧૫ના અધિનિયમ હેઠળ સજાપાત્ર ગુનાઓ સાથે સંકળાયેલા કેસમાં, વિશેષ અદાલત આરોપીને ૯૦ દિવસથી વધુ નહિ તેવા સમય માટે કસ્ટડીમાં રાખવા માટે અધિકૃત છે. ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલ પરંતુક, તપાસની પ્રગતિ અને આરોપી વ્યક્તિની અટકાયત ૯૦ દીવસના સમયગાળાથી આગળ ચાલુ રાખવા માટેના ચોક્કસ કારણો દર્શાવતાં સરકારી વકીલના અહેવાલના આધારે, વિશેષ અદાલતને ઉક્ત સમયગાળો કુલ ૧૮૦ દિવસ સુધી લંબાવવા સક્ષમ બનાવે છે.

૧૭. આમ, જ્યાં સુધી વિશેષ અદાલત ૨૦૧૫ના અધિનિયમ દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલી પરંતુક

હેઠળની સત્તાનો ઉપયોગ નહીં કરે ત્યાં સુધી, ૯૦ દિવસની મુદત પૂરી થતાં આરોપી ડિફોલ્ટ જામીન માટે હકદાર રહેશે. જ્યારે વિશેષ અદાલત ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલ પરંતુક હેઠળની સત્તાનો ઉપયોગ કરી સમયગાળો ૧૮૦ દિવસ સુધી લંબાવે, અને જો લંબાવેલ સમયગાળાની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં ન આવે, તો આરોપી ડિફોલ્ટ જામીન માટે હકદાર રહેશે.

૧૮. ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) પરથી જોઈ શકાય છે તેમ, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની જોગવાઈઓ અને ખાસ કરીને તેની પેટા–કલમ (૨), કે જેમાં આરોપી ડિફોલ્ટ જામીનનો હકદાર હોવાનું સમાવિષ્ટ છે તે, ૨૦૧૫ના અધિનિયમમાં તે ફેરફાર સાથે લાગુ પડશે કે, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં જોગવાઇ કરેલ "પંદર દિવસ" અને "સાઠ દિવસ" ના સમયગાળાના સંદર્ભનું અર્થઘટન અનુક્રમે "ત્રીસ દિવસ" અને "નેવું દિવસ" ના સંદર્ભ તરીકે કરવાનું રહે છે. ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨)નો પરંતુક વિશેષ અદાલતને ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં જોગવાઇ કરેલ સમયગાળાને ૧૮૦ દિવસ સુધી લંબાવવા સક્ષમ બનાવે છે.

<u>ડિફોલ્ટ જામીનના સમાન્ય સિદ્ધાંતો</u>

૧૯. અમે ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) ના પરંતુક હેઠળની સત્તાનો ઉપયોગ કરીને પસાર કરવામાં આવેલા સમયગાળો લંબાવવાના હુકમની કાયદેસરતા સંબંધિત મુખ્ય વિવાદ પર જઈએ તે પહેલાં, ડિફોલ્ટ જામીન સંબંધિત સ્થાયી કાયદાનો સંક્ષિપ્ત સાર કરવો જરૂરી છે. આ પાસાં પર અદાલતના ત્રણ નામદાર ન્યાયાધીશોની બેંચના ત્રણ નિર્ણયોએ કાયદો નિર્ધારિત કર્યો છે.

૧૯(એ) પ્રથમ નિર્ણય **ઉદય મોહનલાલ આચાર્ય વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય**[15]ના કેસમાં છે. તેના ફકરા ૧૩ માંનો, મેજોરિટી વ્યુનો સારાંશ અહીં આપવામાં આવ્યો છે, જે નીચે મુજબ વંચાણે છેઃ

> " ....
>
> ઉપરોક્ત પરિપેક્ષ્યમાં, અમે અમારા તારણો નીચે પ્રમાણે નોંધીએ છીએ:
>
> ૧. જ્યારે પોલીસ ગુન્હામાં તપાસ કરી રહી હોય ત્યારે આરોપીને જે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોય, તે મેજીસ્ટ્રેટ કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) હેઠળ આરોપીની અટકાયતને, તેમને યોગ્ય લાગે તેવાં, કુલ ૧૫ દિવસથી વધુ ન હોય તેવાં સમયગાળા માટે બહાલ કરી શકે છે.
>
> ૨. જ્યાં તપાસ દેહાંતદંડ, આજીવન કેદ કે ૧૦ વર્ષથી ઓછી ન હોય તેવી કેદની સજાપાત્ર ગુન્હા સાથે સંબંધિત હોય, ત્યાં કલમ ૧૬૭ની પેટ–કલમ (૨) હેઠળના ઉપરોક્ત પરંતુક હેઠળ મેજીસ્ટ્રેટ પોલીસ કસ્ટડી સિવાયની આરોપીની અટકાયતને કુલ ૯૦ દિવસથી વધુ ન હોય તેવા

15 (૨૦૦૧) ૫ એસ.સી.સી. ૪૫૩

સમયગાળા માટે અને જ્યાં તપાસ અન્ય ગુન્હા સાથે સંબંધિત હોય ત્યાં ૬૦ દિવસથી વધુ ન હોય તેવાં સમયગાળા માટે બહાલ કરી શકે છે.

૩. **૯૦ દિવસ કે ૬૦ દિવસ, જે પણ લાગૂ પડતું હોય તેવી, આ મુદત પૂરી થયા પછી નિર્દિષ્ટ સમયગાળામાં તપાસ પૂરી કરવામાં તપાસ એજન્સીના કસૂરને કારણે જામીન પર મુક્ત થવા માટે આરોપીની તરફેણમાં એક અવિલોપ્ય અધિકાર ઊભો થાય છે અને, જો આરોપી મેજીસ્ટ્રેટે આપેલ નિર્દેશો મુજબના જામીન રજૂ કરવા તૈયાર હોય અને તેવાં જામીન પૂરા પાડે છે, તો આરોપી જામીન પર મુક્ત થવાનો હકદાર છે.**

૪. નિર્દિષ્ટ સમયગાળામાં તપાસ પૂરી કરવામાં તપાસ એજન્સીના કસૂરને પગલે ઊભો થયો હોવાનું કહેવાતા અવિલોપ્ય અધિકારના અમલીકરણ સબબ, જ્યારે આરોપી દ્વારા જામીન માટેની અરજી દાખલ કરવામાં આવી હોય, ત્યારે મેજિસ્ટ્રેટે/અદાલતે, આરોપી નિર્દિષ્ટ કરાયેલ ૯૦ દિવસ કે ૬૦ દિવસના સમયગાળા માટે કસ્ટડીમાં હોવાની અને તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી નહિ હોવાની ખાતરી કરી, તેનો ત્વરિત નિકાલ કરવો રહ્યો. મેજિસ્ટ્રેટ/કોર્ટ દ્વારા કરવામાં આવેલ આવી ત્વરિત કાર્યવાહી ફરિયાદ પક્ષને કાયદાના ઉદ્દેશ અને નિર્ધારિત સમયગાળામાં તપાસ પૂરી કરવામાં તપાસ એજન્સીના પક્ષે થયેલ કસૂરને કારણે આરોપીને જામીન પર મુક્ત કરવાના કાનૂની ફરમાનને નિષ્ફળ કરવાની સક્ષમતા આપતી નથી.

૫. જો મેજિસ્ટ્રેટના નિર્દેશ મુજબ આરોપી જામીન પૂરાં પાડવામાં અસમર્થ હોય, તો પછી કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ની સમજૂતી I અને પરંતુકના સંયુક્ત પઠન પર, પેરા (એ) માં નિર્દિષ્ટ સમયગાળા પછી પણ આરોપીની કસ્ટડી ચાલૂ રાખવી અનાધિકૃત રહેશે નહીં, અને તેથી,

જો તે સમયગાળા દરમિયાન તપાસ પૂરી થાય અને ચાર્જશીટ દાખલ કરવામાં આવે, તો આરોપીનો કહેવાતો અવિલોપ્ય અધિકાર સમાપ્ત થઈ જશે.

૬. **સંજય દત્ત કેસમાં [(૧૯૯૪) ૫ એસ.સી.સી. ૪૧૦: ૧૯૯૪ એસ.સી.સી. (સી.આર.આઈ.) ૧૪૩૩] આ અદાલતે પ્રયોજેલ "જો અગાઉ તેનો લાભ લેવામાં આવ્યો ન હોય તો" અભિવ્યક્તિનું અર્થઘટન એ અર્થમાં કરવું રહ્યું કે, જ્યારે આરોપી અરજી દાખલ કરે અને નિર્દેશ આપવામાં આવે ત્યારે તે જામીન પૂરાં પાડવા તૈયાર હોય. બીજા શબ્દોમાં કહીએ તો, કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ના પરંતુકના પેરા (એ) માં નિર્દિષ્ટ સમયગાળો પૂરો થતાં, જો આરોપી જામીન માટે અરજી કરે અને નિર્દેશ આપવામાં આવે ત્યારે જામીન રજૂ કરવાનું પણ જણાવે છે, તો એવું માનવાનું રહેશે કે, આરોપીએ તેના અવિલોપ્ય અધિકારનો લાભ લીધો છે, ભલે પછી અદાલતે ઉક્ત અરજી પર વિચારણા કરી ન હોય અને જામીનની શરતો જણાવી ન હોય, અને આરોપીએ જામીન રજૂ કર્યા ન હોય.**

"લાભ લીધો હોય" અભિવ્યક્તિના ઉપરોક્ત અર્થઘટન સાથે, જો આરોપીના અવિલોપ્ય અધિકારનો લાભ લેવામાં આવ્યા બાદ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય, તો પછી તે અધિકાર હળવો કે નિષ્ફળ બનતો નથી, અને તેથી આવશ્યકપણે, કલમ ૧૬૭ની પેટા–કલમ (૨)ના પરંતુકને લાગૂ પાડતાં, જામીન પર મુક્ત થવાને હકદાર આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ અરજી કરે છે, પરંતુ, મેજીસ્ટ્રેટ ચૂકથી તે અરજી નકારે અને ફગાવે છે અને ત્યારબાદ આરોપી ઉપલાં ફોરમ સમક્ષ જાય છે અને મેટર ઉપલાં ફોરમ સમક્ષ પડતર હોવા દરમ્યાન ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે, તો આરોપીનો તથાકથિત અવિલોપ્ય અધિકાર નિષ્ફળ થશે

નહિ અને આથી, બીજી તરફ, આરોપીને જામીન પર મુક્ત કરવો રહ્યો. અવિલોપ્ય અધિકારનો અમલ થતાં આ રીતે જામીન માટે હકદાર આવા આરોપીને ચાર્જશીટ દાખલ થયા પર, કલમ ૨૦૯ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જ રહ્યો અને સંહિતામાં જામીન સંબંધિત જોગવાઈઓને આધિન કસ્ટડીમાં રિમાન્ડ કરવા સબબ અને અગાઉ મંજૂર કરવામાં આવેલ જામીન અંગે મોહમંદ ઈકબાલ વિ. મહારાષ્ટ્ર રાજ્ય [(૧૯૯૬) ૧ એસ.સી.સી. ૭૨૨: ૧૯૯૬ એસ.સી.સી. (ક્રિ.) ૨૦૨]ના કેસમાં આ અદાલતે પ્રસ્થાપિત કરેલ કાયદા મુજબ જામીન રદ કરવા અંગેની જોગવાઈઓને આધિન કામ ચલાવવું રહ્યું.

[ભારપૂર્વક]

૧૯(બી). બીજો ચુકાદો **એમ. રવિન્દ્રન**ના કેસમાં છે. ઉક્ત નિર્ણયના તારણોનો સારાંશ નીચે મુજબ આપી શકાયઃ

(i) **ઉદય મોહનલાલ આચાર્ય**ના કેસમાંનો મેજોરિટી વ્યુ સાચો છે.

(ii) આરોપ કરાયેલ ગુનાની ગંભીરતાના પ્રમાણમાં આરોપીના રિમાન્ડના સમયગાળા માટે બાહ્ય સમય–મર્યાદા (એટલે કે વધુમાં વધુ કેટલો સમય હોઈ શકે તે) પૂરી પાડવા માટે ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ઘડવામાં આવી હતી. નિર્ધારિત બાહ્ય (મહત્તમ સમયગાળાની) મર્યાદામાં તપાસ પૂરી કરવામાં નિષ્ફળત રહેતાં, આરોપી ડિફોલ્ટ જામીન મેળવવાનો અવિલોપ્ય અધિકાર પ્રાપ્ત કરે છે;

(iii) ફો.કા.સં.ની કલમ ૧૬૭ ની પેટા–કલમ (૨) હેઠળ જોગવાઇ કરાયેલ સમયમર્યાદા એ સુનિશ્ચિત કરે છે કે તપાસ અધિકારીઓને વધુ રિમાન્ડની શક્યતાઓનો દુરુપયોગ કર્યા વિના ઝડપથી અને અસરકારક રીતે કાર્ય કરવા માટે ફરજ પાડી શકાય. આ જોગવાઈ એ સુનિશ્ચિત કરે છે કે અદાલત કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં જોગવાઇ કરેલ સમયની અંદર તપાસ પૂરી થયા પછી અનુચિત વિલંબ કર્યા વિના કેસમાં સંજ્ઞાન લે;

(iv) તપાસ પૂરી કરવા માટે પૂરતો સમય આપવાની જરૂરિયાતને, આપણાં બંધારણમાં જેને ટોચનું મહત્વ આપવામાં આવ્યું છે તેવાં, નાગરિક સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાની જરૂરિયાત સાથે સમતોલિત કરવા માટે ધારાસભાએ કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ઘડી છે.

(v) કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ગેરકાયદેસર અને મનસ્વી અટકાયત સામે વ્યક્તિગત સ્વાતંત્ર્યના રક્ષણનું વચન આપતાં ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળની બંધારણીય પ્રતિબદ્ધતા સાથે સંપૂર્ણપણે સંલગ્ન છે.

(vi) **એસ. કાસી**ના કેસમાં આ અદાલતના ચુકાદાને તે મંજૂરી સાથે ટાંકવામાં આવ્યો હતો, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે, ડિફોલ્ટ જામીનનો અવિલોપ્ય અધિકાર એ અનુચ્છેદ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વાતંત્ર્યના

અધિકારનો અભિન્ન ભાગ છે અને મહામારીની પરિસ્થિતિ દરમિયાન પણ ઉક્ત અધિકારને સ્થગિત કરી શકાતો નથી; અને

(vii) તે સુપેરે પ્રસ્થાપિત છે કે, દંડાત્મક કાયદાના માળખામાં કોઈપણ અસ્પષ્ટતાના કિસ્સામાં, અદાલતે આરોપીના અધિકારોનું રક્ષણ કરવા તરફનો ઝોંક રાખતાં અર્થઘટનની તરફેણ કરવી રહી. આ સિદ્ધાંત આરોપીની સ્વતંત્રતા પર કાપ મૂકવાની જોગવાઈ કરતી પ્રક્રિયાના કિસ્સામાં પણ લાગુ પડે છે.

૧૯.(સી) ત્રીજો ચુકાદો, રાકેશ કુમાર પોલ વિરુદ્ધ આસામ રાજ્ય[16]ના કેસમાં છે. આ ચુકાદો ઠેરવે છે કે, વિદ્વાન મેજિસ્ટ્રેટની ફરજ છે કે, તે આરોપીને ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) હેઠળ અવિલોપ્ય અધિકાર ઉપલબ્ધત હોવા અંગે જાણ કરે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે, તે ફરિયાદ પક્ષની વિલંબ કરવાની વ્યૂહરચનાઓને નિષ્ફળ બનાવવાનું અને બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળની જવાબદારીઓ નિભાવવાનું સુનિશ્ચિત કરશે.

૨૦. આ અપીલમાં સામેલ મુદ્દાનો નિર્ણય ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) હેઠળનો ડિફોલ્ટ જામીનનો અવિલોપ્ય અધિકાર ભારતના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળના વ્યક્તિગત સ્વતંત્ર્યના મૂળભૂત અધિકારનો અભિન્ન ભાગ હોવાની કાનૂની સ્થિતિના સંદર્ભમાં કરવો રહ્યો.

16 (૨૦૧૭) ૧૫ એસ.સી.સી. ૬૭

<u>૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૫) નો અવરોધ</u>

૨૧. કલમ ૨૦ ની પેટા–કલમ (૫) નીચે મુજબ વાંચે છેઃ

> "**૨૦.** સંહિતાની કેટલીક જોગવાઈઓનો સુધારેલ અમલ.
>
> . ...
>
> (૫) જો વિશેષ અદાલતના ધ્યાને આવે કે, પ્રશ્નવાળા ગુન્હાની તારીખે આરોપી આ અધિનિયમ કે અન્ય કોઈ અધિનિયમ હેઠળના ગુન્હામાં જામીન પર હતો તો, સંહિતામાં ગમે તે મજકુર હોવા છતાં, આરોપીના જામીન મંજૂર કરવાના રહેશે નહિ."

મકોકા (મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ)ની કલમ ૨૧ની પેટા–કલમ (૫)માં આવી જ જોગવાઇ સમાવવામાં આવી હતી. **ભારત શાંતિ લાલ શાહ**ના કેસમાં, ફકરા ૬૨ થી ૬૫ માં નોંધાયેલા કારણોસર, આ અદાલત બોમ્બે હાઈકોર્ટના તે દૃષ્ટિકોણ સાથે સંમત થઈ હતી કે મકોકાની કલમ ૨૧ની પેટા–કલમ (૫)માં જોવા મળતી "અથવા અન્ય કોઈ અધિનિયમ હેઠળ" અભિવ્યક્તિ બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૨૧ નું ઉલ્લંઘન કરતી હોઇ, તેને રદ કરવી રહી. આથી, ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૫) માં પ્રયોજાયેલ આ અભિવ્યક્તિ બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૨૧ નું ઉલ્લંઘન કરે છે. કેસના તથ્યોમાં, અપીલકર્તાઓમાંથી કોઈપણ ૨૦૧૫ના અધિનિયમ હેઠળના કોઈપણ ગુના સબબ જામીન પર નહોતા અને તેથી, ડિફોલ્ટ જામીન માટેની અરજી પર

વિચાર કરવા માટે આ કેસોની હકીકતોમાં કલમ ૨૦ની પેટા–કલમ (૫)નો કોઈ અવરોધ ઊભો કરવામાં આવ્યો નથી.

<u>સમયગાળો લંબાવવાની અરજી પર વિચારણાં સમયે વિશેષ અદાલત સમક્ષ સામાવાળાઓને રજૂ કરવામાં નિષ્ફળ રહ્યાની અસર</u>

૨૨. અમારી સામેનો પ્રશ્ન, તપાસ પૂરી કરવા માટેનો સમય વધારવા માટે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલો પર વિચારણાં કરતા સમયે આરોપીની હાજરી સુનિશ્ચિત કરવાની વિશેષ અદાલતની નિષ્ફળતાના, કાનૂની પરિણામો વિશે છે. વધુમાં, અમારે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા અહેવાલોની આરોપીઓને જાણ કરવામાં નિષ્ફળતાની જે અસર થાય તેને ધ્યાનમાં લેવી પડશે.

૨૩. ટાડાની કલમ ૨૦ની પેટા–કલમ (૪) ના ક્લોઝ (બીબી) હેઠળ એક આવી જ પરંતુક છે, જે ડેઝિગ્નેટેડ કોર્ટને ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ના ક્લોઝ (એ)માં જોગવાઇ કરેલ સમયગાળાને લંબાવવાની સત્તા આપે છે. ક્લોઝ (બીબી) નીચે મુજબ વાંચે છેઃ

> "(બીબી) પેટા–કલમ (૨) માં, પરંતુક પછી, નીચે મુજબની પરંતુક દાખલ કરવામાં આવે છે, એટલે કેઃ–
>
> 'વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે, જો એકસો એંસી દિવસના ઉપરોક્ત સમયગાળાની અંદર તપાસ પૂરી કરવી શક્ય ન હોય તો, તપાસની પ્રગતિ અને એકસો એંસી દિવસના ઉપરોક્ત સમયગાળા પછી આરોપીની

> અટકાયત ચાલૂ રાખવા માટેના ચોક્કસ કારણો દર્શાવતા સરકારી વકીલના અહેવાલ પર, ડેઝિગ્નેટેડ કોર્ટે ઉપરોક્ત સમયગાળાને એક વર્ષ સુધી લંબાવવો રહ્યો; 'અને'"

હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુરના કેસમાં ઉક્ત પરંતુક આ અદાલત સમક્ષ વિચારણા માટે આવી હતી. ફકરા ૨૩માં આ અદાલતે ઠેરવ્યું હતું કે:

> "૨૩. કલમ ૨૦ની પેટા–કલમ (૪)ના ક્લોઝ (બીબી)ના સરળ વાંચન પર, અમે આ તબક્કે તે તરફ ધ્યાન દોરીએ છીએ કે, વિધાનસભાએ સરકારી વકીલના અહેવાલ પર તપાસ પૂરી કરવા માટેનો સમય વધારવાની માંગણી કરવા માટેની જોગવાઈ કરી છે. **વિધાનસભાએ જાણીજોઈને અદાલત પાસેથી વધારાનો સમય માંગતી અરજી કરવાનું તપાસ અધિકારી પર છોડ્યું નથી. ઝડપભેર તપાસ પૂરી કરવાના અને પોલીસની મરજીએ બિનજરૂરીપણે લંબાયેલ તપાસ દરમ્યાન આરોપીની અટકાયત ચાલુ નહિ રાખવા દેવાના ધારાકીય આશય સાથે આ જોગવાઇ સુસંગત છે. વિધાનસભા અપેક્ષા રાખે છે કે, તપાસ અત્યંત શીઘ્રતાપૂર્વક પૂરી થવી જોઈએ, પરંતુ જ્યાં તપાસ પૂરી કરવા માટે થોડો વધુ સમય માંગવો જરૂરી બને છે, ત્યાં તપાસ એજન્સીએ સૌપ્રથમ પોતાને સરકારી વકીલની ચકાસણી માટે રજૂ કરવાં રહ્યા અને તપાસની પ્રગતિ વિશે તેને ખાતરી આપી અને આરોપીની આગળની કસ્ટડી માંગવાના કારણો આપવાં રહ્યા.** પબ્લિક પ્રોસિક્યુટર એ રાજ્ય સરકારનો એક મહત્વપૂર્ણ અધિકારી છે અને તેની નિમણૂંક ફોજદારી કાર્યવાહી સંહિતા હેઠળ રાજ્ય દ્વારા કરવામાં આવે છે. તે તપાસ એજન્સીનો ભાગ નથી. તે એક સ્વતંત્ર વૈધાનિક સત્તા છે. સરકારી વકીલ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તે તપાસ એજન્સી પોતાની તપાસ પૂરી કરી શકે તે માટે સમય

લંબાવવાનો અહેવાલ અદાલતમાં રજૂ કરે તે પહેલાં તપાસ એજન્સીની વિનંતી સબબ પોતાની સ્વતંત્ર શુધબુદ્ધિ લગાવે. તે માત્ર કોઈ ટપાલ ઓફિસ કે ફોરવર્ડિંગ એજન્સી નથી. સમય વધારવાની માંગણી કરતાં તપાસ અધિકારી દ્વારા આપવામાં આવેલાં કારણો સાથે પબ્લિક પ્રોસીક્યુટર (સરકારી વકીલ) સહમત થાય કે ન પણ થાય અને તેમને એવું જણાય કે તપાસ યોગ્ય પદ્ધતિએ આગળ વધી નથી અથવા તો તપાસ પૂરી કરવામાં બીનજરૂરી, જાણીબૂઝીને કરવામાં આવેલો કે જેને ટાળી શકાયો હોત એવો વિલંબ છે. તે પરિસ્થિતિમાં, તેઓ સમય વધારવા માટે કલોઝ (બીબી) હેઠળ અદાલતમાં કોઈ અહેવાલ રજૂ કરશે નહીં. આમ, કલોઝ (બીબી) હેઠળ તપાસ એજન્સીની વિનંતી સબબ વધુ સમયની માંગણી કરવા માટે, પોતાની સ્વતંત્ર શુધબુદ્ધિપૂર્વકની વિચારણાં પછી પબ્લિક પ્રોસિક્યુટરે ડેઝિગ્નેટેડ કોર્ટ સમક્ષ, તપાસમાં થયેલ પ્રગતિ દર્શાવતો અને તપાસ એજન્સીને તપાસ પૂરી કરવા સક્ષમ બનાવવા આરોપીને કસ્ટડીમાં જાળવી રાખવાનું ઔચિત્ય જણાવતો, અહેવાલ કરવાનો રહે છે. **સરકારી વકીલ તપાસ અધિકારીએ કરેલ વિનંતીને પોતાની વિનંતી કે અરજી અને અહેવાલ સાથે જોડી શકે છે, પરંતુ, કલોઝ (બીબી)હેઠળ જેની પરિકલ્પના કરવામાં આવી છે તેમ, તેમના અહેવાલમાં તેમણે પ્રમુખપણે ખુલાસો કરવો રહ્યો કે તેમણે શુધબુદ્ધિપૂર્વકની વિચારણાં કરી છે અને તેઓ તપાસની પ્રગતિથી સંતુષ્ટ છે અને તપાસ પૂરી કરવા માટે વધુ મુદ્દત આપવાને મંજૂર કરવું તેમને યોગ્ય જણાય છે. કલમ ૨૦(૪) દ્વારા સુધારેલ કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં કલમ (બીબી) માં જોવા મળતી "તપાસની પ્રગતિ અને આરોપીની અટકાયત માટેના ચોક્કસ કારણો દર્શાવતાં સરકારી વકીલના અહેવાલ પર" અભિવ્યક્તિનું પ્રયોજન મહત્વપૂર્ણ છે અને આરોપીને ગેરવાજબી રીતે કસ્ટડીમાં ન રાખવા અને માત્ર સરકારી વકીલના અહેવાલ**

પર જ મુદત લંબાવવાનો ધારાકીય આશય સૂચવે છે. આથી, સરકારી વકીલનો અહેવાલ એક ઔપચારિકતા માત્ર નથી, પરંતુ એક ખૂબ જ મહત્વપૂર્ણ અહેવાલ છે, કારણ કે, તે અહેવાલ ગ્રાહ્ય રાખવાનું પરિણામ આરોપીની સ્વતંત્રતાને અસર કરે છે અને તેથી, તે ક્લોઝ (બીબી) માં સમાવિષ્ટ આવશ્યકતાઓનું ચુસ્ત અનુપાલન થવું રહ્યું. સમય વધારવા માટેની તપાસ અધિકારીની વિનંતી એ સરકારી વકીલના અહેવાલનો વિકલ્પ નથી. ક્લોઝ (બીબી) માં જેની કલ્પના કરવામાં આવી છે, તેવો કોઈ અહેવાલ જ્યાં દાખલ કરવામાં ન આવે કે, ક્લોઝ (બીબી) હેઠળ સમય લંબાવવાની મંજૂરી ઔપચારિક કે આપોઆપ મળી જતી હોય તેવી મંજૂરી નહિ હોવાના કારણે, સરકારી વકીલ દ્વારા દાખલ કરાયેલ અહેવાલ ડેઝિગ્નેટેડ કોર્ટ દ્વારા સ્વીકારવામાં ન આવે, તો તેની પરીણામી સ્થિતિ એ હશે કે, આરોપી જામીન મેળવવા માટે હકદાર થશે અને ડેઝિગ્નેટેડ કોર્ટમાં જરૂરી જામીન આરોપી દ્વારા પૂરાં પાડવામાં આવતાં અદાલતે તેને જામીન પર મુક્ત કરવો રહ્યો. ક્લોઝ (બીબી) હેઠળ કયા સ્વરૂપે સમય લંબાવવા માટેની અરજી કરવામાં આવે છે, માત્ર તે પ્રશ્ન નથી, પરંતુ, તેમાં સમાવિષ્ટ સાર (વજૂદ)નો પણ પ્રશ્ન છે. **પોતાની શુધબુદ્ધિનો ઉપયોગ કરી, સરકારી વકીલે રજૂ કરેલ અહેવાલની સામગ્રીનો હેતુ આપેલ કેસમાં સમય લંબાવવાને મંજૂરી આપવી કે કેમ તેનો સ્વતંત્રપણે નિર્ણય કરવામાં ડેઝીગ્નેટેડ કોર્ટને મદદરૂપ થવાનો છે. મુદત લંબાવવાને મંજરી આપવાની પરિણામી અસરોની દ્રષ્ટિએ, એટલે કે આરોપીની કસ્ટડી ચાલુ રાખવાની દ્રષ્ટિએ, સરકારી વકીલના અહેવાલ પર તપાસ પૂરી કરવા સમય લંબાવવાને મંજૂરી આપવા માટે ડેઝિગ્નેટેડ કોર્ટે તેમાં જણાવેલ ઔચિત્ય બાબત ખાતરી કરવી રહી.**

જ્યાં ડેઝિગ્નેટેડ કોર્ટ આવા સમય વિસ્તાર સબબ મંજૂરી આપવાનો ઇનકાર કરે છે, ત્યાં ફરિયાદ પક્ષે થયેલ 'કસૂર'ને કારણે જામીન પર મુક્તિનો

અધિકાર અવિલોપ્ય બની જાય છે અને, આ ચુકાદાના અગાઉના ભાગમાં ચર્ચા કરવામાં આવી છે તેમ, કલમ ૨૦ની પેટા–કલમ (૪)માં વિચારવામાં આવેલા કારણો સિવાય અન્ય કારણોસર તે અધિકારનો વિલોપ થઈ શકતો નથી. જો સરકારી વકીલ તપાસ અધિકારીની વિનંતી અદાલતમાં 'રજૂ કરે છે' કે તપાસ અધિકારીની વિનંતી અદાલતમાં 'મોકલી આપે છે', તો તેનો અર્થ સરકારી વકીલનો અહેવાલ થવો જોઈએ એવી શ્રી માધવ રેડ્ડી કે એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુલસીની દલીલ સાથે અમે સહમત થઈ શકતાં નથી. જ્યારે આપણે નાગરિકની સ્વતંત્રતા બાબત કામ ચલાવી રહ્યા હોઈએ, ત્યારે આવાં અર્થઘટન માટે કોઈ અવકાશ નથી. અદાલતો પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પહેલપૂર્વક આરોપીની સ્વતંત્રતાની રક્ષા કરે. ક્લોઝ (બીબી)ને, તેની અભિવ્યક્તિઓમાં કોઈપણ વધારા કે સુધારા સિવાય, તેની સીધેસીધી ભાષા પર જ વંચાણે લેવી રહી. **સરકારી વકીલના અહેવાલના મહત્વ બાબત અમે અગાઉ કામ ચલાવી ચૂક્યા છીએ જેમાં ભાર આપવામાં આવ્યો છે કે, સરકારી વકીલ તપાસ એજન્સીની 'ટપાલ કચેરી' કે તેની 'ફોરવર્ડિંગ એજન્સી' નથી, પરંતુ તેના પર એક વૈધાનિક ફરજ લાદવામાં આવી છે. તેમણે કેસના તથ્યો અને સંજોગો પર પોતાની શુધબુદ્ધિ લગાવવી જ રહી અને તેમનો અહેવાલ પ્રમુખપણે એ વાતનો ખુલાસો કરતો હોવો જોઈએ કે, તેમણે કલમ ૨૦ની પેટા–કલમ (૪) ના ક્લોઝ (બીબી) માં સમાવિષ્ટ બંને શરતો પર પોતાની શુધબુદ્ધિપૂર્વક વિચારણાં કરી હતી. જ્યારે કાયદો સદરહુ કલમમાં પરિકલ્પિત અહેવાલ રજૂ કરવાની માંગ કરે છે, તેમણે સદરહુ કલમમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ કામ કરવું રહ્યું અને નહિ કે અન્ય કોઇ રીતે. કોઇ ડેઝિગ્નેટેડ કોર્ટ માન્ય અહેવાલની આવશ્યકતાઓને ધ્યાને લેતી નથી અને તેની અવગણના કરે છે, તો તે પોતાની અનિવાર્ય ફરજો અદા કરવામાં નિષ્ફળ થઈ છે અને**

ક્લોઝ (બીબી) હેઠળનો તેનો હુકમ નિર્બળ બને છે. સરકારી વકીલ તેમના અહેવાલને અહેવાલ તરીકે રજૂ કરે કે સમય વધારવાની અરજી તરીકે, તેનાં કોઇ ખાસ પરિણામ ત્યાં સુધી નહિ આવે, જ્યાં સુધી તે પ્રમુખપણે તે ન દર્શાવે કે તેમણે પોતાની શુધબુદ્ધિનો ઉપયોગ કર્યો છે અને, ક્લોઝ (બીબી)માં જેની પરિકલ્પના કરવામાં આવી છે તેમ (સુપ્રા), તેમને તપાસમાં થયેલ પ્રગતિ અને આરોપીને કસ્ટડી ચાલુ રાખવા માટેનો સમયગાળો લંબાવવાને મંજૂર કરવા સબબના કારણોના ઔચિત્ય વિષે ખાતરી થઇ છે. તપાસકર્તા અધિકારીએ કરેલ અરજી કે વિનંતીને સરકારી વકીલ પોતાના અહેવાલમાં, કોઇપણ શુધબુદ્ધિ પ્રયોજ્યા વિના અને પોતે કરેલ ખાતરી નોંધ્યા વિના, એમ જ રજૂ કરી દેવા માત્રથી તે ક્લોઝ (બીબી) હેઠળ જેની વિચારણાં કરવામાં આવી છે, તેવો અહેવાલ બની જતો નથી અને તે સમયગાળો લંબાવવાની માંગ કરતો યોગ્ય રિપોર્ટ બની શકે નહિ. જો કોઈ આરોપી જામીનની માંગણી કરે અને અદાલત દ્વારા આપવામાં આવેલ નિર્દેશ મુજબના જામીન બોન્ડ રજૂ કરવા તૈયાર હોય તો, સૂચિત સમયમાં ચલાન દાખલ કરવામાં ફરિયાદ પક્ષના કસૂરને કારણે, ઉચિત અહેવાલની ગેરહાજરીમાં, ડેઝિગ્નેટેડ કોર્ટ પાસે આરોપીના અવિલોપ્ય અધિકારને નકારવાની કોઇ હુકુમત રહેશે નહિ. **વધુમાં, સિવાય કે તે પગલું તપાસ પૂરી થઈ શકે તે માટે હોય, કોઇ આરોપીની કસ્ટડી સૂચિત સમયગાળાથી આગળ ચાલૂ રાખવા માટે સમયગાળો વધારી આપવાનું મંજૂર કરી શકાય નહિ, અને અગાઉ જણાવ્યું છે તેમ, ક્લોઝ (બીબી) હેઠળ સમય વધારવાને મંજૂર કરતાં પહેલાં આરોપીને તેની જાણ કરવી રહી કે જેથી તે સમયગાળો લંબાવવા સામે વાંધો રજૂ કરી શકે.**"

[ભારપૂર્વક]

૨૪. આ જ મુદ્દો **સંજય દત્ત**ના કેસમાં આ અદાલતની બંધારણીય બેન્ચ સમક્ષ વિચારણા માટે આવ્યો હતો. બંધારણીય બેન્ચ સમક્ષ એક ચોક્કસ રજૂઆત કરવામાં આવી હતી કે **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર**ના કેસના ચુકાદામાં જેની વિચારણા કરવામાં આવેલી તે 'મુદત લંબાવવાની અરજીની આરોપીને નોટિસ' એ લેખિત નોટિસ નથી. દલીલ એ હતી કે જ્યારે વિશેષ અદાલત સરકારી વકીલના અહેવાલ પર વિચારણાં કરે, ત્યારે તે પૂરતું છે કે વિશેષ અદાલત સમક્ષ આરોપીને હાજર કરવામાં આવે અને આરોપીને જાણ કરવામાં આવે કે આવો અહેવાલ સરકારી વકીલ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. ઉક્ત રજૂઆત સ્વીકારતાં, બંધારણીય ખંડપીઠે તેના તારણોનો સારાંશ નીચે મુજબ આપ્યો હતોઃ –

> "**૫૩.(૨)(એ) ટાડા અધિનિયમની કલમ ૨૦(૪)(બીબી) માત્ર એટલી માંગ કરે છે કે, ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૬૭(૧) અનુસાર આરોપીઓને અદાલતમાં રજૂ કરવામાં આવે અને આ રીતે ટાડા અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૪) ના ક્લોઝ (બીબી) ની વધારાની જોગવાઈ અનુસાર ૧૮૦ દિવસના સૂચિત સમયગાળાને લંબાવવાનું મંજૂર કરતાં પહેલાં આરોપીને નોટિસ આપવાની આવશ્યકતાને હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર કેસમાં આ અદાલતની ખંડપીઠે આપેલા ચુકાદાના પરિપેક્ષ્યમાં સમજવી રહી. તપાસ પૂરી કરવાની મુદત લંબાવવાનું મંજૂર કરતાં પહેલાં આરોપીને આપવાની જરૂરી નોટીસ એ કારણો દર્શાવતી લેખિત નોટિસ નથી. આ હેતુ સબબ તે પૂરતું છે કે, તે સમયે આરોપીને અદાલતમાં રજૂ કરી તેને જાણ કરવામાં આવે કે તપાસ પૂરી કરવાનો સમયગાળો વધારવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.**"
>
> [ભારપૂર્વક]

૨૫. દેવિન્દરપાલ સિંહ વિરુદ્ધ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર, દિલ્હીની ની સરકાર[17]ના કેસમાં, આ અદાલતે ફકરા ૧૪ અને ૧૫માં આ મુજબ ઠેરવ્યું હતું :

> "**૧૪.** હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર કેસ [(૧૯૯૪)૪ એસ.સી.સી. ૬૦૨: ૧૯૯૪ એસ.સી.સી. (સી.આર.આઈ.) ૧૦૮૭]માં એવો પણ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, સિવાય કે આરોપીને નોટીસ આપવામાં આવી હોય અને તેને સમય લંબાવવાને મંજૂર કરવા સામે વાંધો લઈ શકવાની પરવાનગી આપવામાં આવી હોય, ડેઝિગ્નેટેડ કોર્ટ દ્વારા સમય લંબાવવાની કોઈ મંજૂરી ક્લોઝ (બીબી) હેઠળ આપી શકાય નહિ.
>
> **૧૫. જ્યાં સુધી મુદત લંબાવવાની મંજૂરી માટે સરકારી વકીલના અહેવાલની જરૂરિયાત અથવા કલમ ૨૦(૪) ના ક્લોઝ (બીબી) હેઠળ આવા અહેવાલની ગેરહાજરીની અસર સાથે સંબંધ છે, સંજય દત્ત કેસ [(૧૯૯૪) ૫ એસ.સી.સી. ૪૧૦: ૧૯૯૪ એસ.સી.સી. (સી.આર.આઈ.) ૧૪૩૩]માં બંધારણીય ખંડપીઠે કોઈ વિરોધાભાસી અભિપ્રાય વ્યક્ત કર્યો નથી, પરંતુ અવલોકન કર્યું હતું કે, હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર કેસ [(૧૯૯૪) ૪ એસ.સી.સી. ૬૦૨: ૧૯૯૪ એસ.સી.સી. (સી.આર.આઈ.) ૧૦૮૭]ના ચુકાદામાં જેની વિચારણાં કરવામાં આવી હતી તે, તપાસ પૂરી કરવા માટેની મુદત લંબાવતા પહેલાં આપવાની થતી 'નોટિસ' ને આરોપીને આપવાની 'લેખિત નોટિસ' તરીકે ગણવાની જરૂર નથી અને માત્ર મુદત લંબાવવા માટેના સરકારી વકીલના અહેવાલ પર વિચારણા કરતી વખતે આરોપીને હાજર રાખી, તેને જાણ કરવી કે તપાસ પૂરી કરવા માટેનો સમયગાળો વધારવાનો પ્રશ્ન વિચારણામાં લેવામાં આવી રહ્યો છે, તે આરોપીને કરવામાં આવેલી નોટિસ સબબ પૂરતું છે.** "

17 (૧૯૯૬) ૧ એસ.સી.સી. ૪૪

[ભાર આપવામાં આવ્યો]

૨૬. આતિફ નાસિર મુલ્લાના કેસમાં આ અદાલતે પોટા હેઠળની આવી જ જોગવાઈ પર વિચાર કર્યો હતો. ઉક્ત ચુકાદામાં **સંજય દત્ત**ના કેસમાં નિર્ધારિત થયેલ કાયદાને અનુસરવામાં આવ્યો હતો. કેસની હકીકતોમાં, એવું જણાયું હતું કે, તપાસ ચાલુ રાખવા માટે સમય લંબાવવાની વિનંતી પર જ્યારે અદાલત દ્વારા વિચાર કરવામાં આવ્યો ત્યારે આરોપી તેના વકીલ સાથે હાજર હતો અને, હકીકતમાં, સમય લંબાવવાની વિનંતી કરતાં અહેવાલની એક નકલ આરોપીને આપવામાં આવી હતી કે જેથી તે જવાબ દાખલ કરી શકે.

૨૭. સંજય કુમાર કેડિયાના કેસમાં આ અદાલતે એન.ડી.પી.એસ. અધિનિયમ હેઠળની આવી જ જોગવાઈ પર વિચાર કર્યો હતો. જો કે, આ અદાલતે **સંજય દત્ત**ના કેસમાંના બંધનકર્તા ઉદાહરણને ધ્યાને લીધું ન હતું. તેથી, આ નિર્ણય બંધનકારક પૂર્વવર્તી (ઉદાહરણ) નથી.

૨૮. ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) નો ક્લોઝ (બી) પ્રસ્થાપિત કરે છે કે, જ્યાં સુધી આરોપીને મેજીસ્ટ્રેટ સમક્ષ વ્યક્તિગત રીતે રજૂ કરવામાં ન આવે, ત્યાં સુધી કોઈપણ મેજીસ્ટ્રેટ પોલીસની કસ્ટડીમાં આરોપીની અટકાયતને બહાલ કરશે નહીં. તે એવી પણ જોગવાઈ કરે છે કે, આરોપીઓને વ્યક્તિગત રીતે અથવા ઇલેક્ટ્રોનિક વીડિયો લિંકેજ દ્વારા રજૂ કરવા પર, ન્યાયિક કસ્ટડી લંબાવી શકાય છે. આમ, કાયદાની જરૂરિયાત એ છે કે, રિમાન્ડને ન્યાયિક કસ્ટડી સુધી

લંબાવતી વખતે, આરોપીની પ્રત્યક્ષ કે વર્ચ્યુઅલ રીતે હાજરી મેળવવી રહી. આ કાયદાની ફરજિયાત એવી આવશ્યકતા છે. ન્યાયિક કસ્ટડી કે રિમાન્ડ લંબાવવાની સત્તાનો ઉપયોગ કરવા માટેની આ (સાઈને ક્વો નન – જેને અન્ય વિકલ્પથી બદલી શકાય નહિ તેવી) અનન્ય અનિવાર્યતા છે. કારણ એ છે કે, આરોપીને રિમાન્ડ લંબાવવાની વિનંતીનો વિરોધ કરવાનો અધિકાર છે. જ્યારે વિશેષ અદાલત ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) ની જોગવાઈ હેઠળ મુદત લંબાવવાની સત્તાનો ઉપયોગ કરે છે ત્યારે તે, આવશ્યકપણે, ન્યાયિક કસ્ટડીને ૯૦ દિવસની મુદતથી લંબાવી ૧૮૦ દિવસ સુધી લઇ જવા તરફ દોરી જાય છે. આથી, ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ના ક્લોઝ (બી) ની આવશ્યકતાની દ્રષ્ટિએ પણ, જ્યારે તપાસ પૂરી કરવા માટે સમય લંબાવવાની ફરિયાદ પક્ષની વિનંતી પર વિચાર કરવામાં આવે, ત્યારે વિશેષ અદાલત સમક્ષ આરોપીને હાજર રાખવો ફરજિયાત છે. હકીકતમાં, આ અદાલતની બંધારણીય ખંડપીઠે **સંજય દત્ત**ના કેસમાં તેના ચુકાદામાં ફકરા ૫૩(૨)(એ) ના પ્રથમ ભાગમાં આવું ઠેરવેલ છે. ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) ના ક્લોઝ (બી) માં ઉમેરવામાં આવેલી પરંતુક હેઠળની અહેવાલની આવશ્યકતા દ્વિસ્તરિય છે. પ્રથમ, સરકારી વકીલના અહેવાલમાં તપાસમાં થયેલ પ્રગતિ જણાતી હોવી જોઈએ અને બીજું, આરોપીની અટકાયત ૯૦ દિવસના ઉક્ત સમયગાળાથી આગળ ચાલુ રાખવા માટેના ચોક્કસ કારણો અહેવાલમાં

જાહેર થતાં હોવાં જોઈએ. તેથી, સમયગાળો વધારી આપવો એ એક ઠાલી ઔપચારિકતા નથી. સમય લંબાવવા માટેનો અહેવાલ/ અરજી રજૂ કરતાં પહેલાં સરકારી વકીલે પોતાની શુધબુદ્ધિ લગાવવી રહી. ફરિયાદ પક્ષે ઉપરોક્ત બંને જરૂરિયાતોની દ્રષ્ટિએ કેસ બનાવવો પડે છે અને સમય લંબાવવાની દાદ મંજૂર કરતાં પહેલાં અદાલતે અહેવાલની સામગ્રી પર શુધબુદ્ધિપૂર્વક વિચારણાં કરવી રહી.

૨૯. અગાઉ નોંધ્યું છે તેમ, **હિતેન્દ્ર વિષ્ણુ ઠાકુર**ના ચુકાદામાં લાર્જર બેન્ચે **સંજય દત્ત**ના કેસમાં કરેલ એકમાત્ર ફેરફાર એ સમય લંબાવવા માટેની અરજીની નોટિસની બજવણી કરવાની રીત વિશે છે. **સંજય દત્ત** કેસમાં ચુકાદાના ફકરા ૫૩(૨)(એ) માં, ઘણાંબધા શબ્દોમાં, આ અદાલતે ઠેરવ્યું હતું કે, જ્યારે કોર્ટ મુદત લંબાવવાની અરજી પર વિચારણા કરે છે ત્યારે, આરોપીઓને હાજર રાખવા ફરજિયાત છે અને આરોપીઓને જાણ કરવી રહી કે તપાસનો સમયગાળો વધારવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે. તપાસની વિગતો અહેવાલમાં સમાવિષ્ટ હોઇ, આરોપી એક અધિકાર તરીકે અહેવાલની નકલ મેળવવા હકદાર ન હોઇ શકે. પરંતુ, જો અમે સામાવાળાઓની એ રજૂઆત સ્વીકારીએ કે, આરોપીને આ મામલે કોઈ કહેણ નથી, તો આરોપીને રજૂ કરીને નોટિસ આપવાની જરૂરિયાત એક ઠાલી અને અર્થહીન ઔપચારિકતા બની રહેશે. વધુમાં, તે ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨)ના ક્લોઝ (બી)ના પરંતુકના કાનૂની આદેશ વિરુદ્ધની હોય. તે સ્વીકારી શકાય નહિ કે સમય વધારવા માટેની અરજી સામે

કોઈ વાંધો ઉઠાવવા માટે આરોપી હકદાર નથી. વાંધાઓનો વ્યાપ મર્યાદિત હોઈ શકે છે. આરોપી હંમેશા અદાલતને ધ્યાને લાવી શકે છે કે, સરકારી વકીલ દ્વારા વિનંતી થવી જોઈએ, તપાસ એજન્સી દ્વારા નહીં. બીજું, આરોપી હંમેશા ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) દ્વારા ફો.કા.સં.ની કલમ ૧૬૭ની પેટા–કલમ (૨) માં ઉમેરવામાં આવેલી જોગવાઈના સંદર્ભમાં અહેવાલની બેવડી (દ્વિસ્તરિય) જરૂરિયાતો તરફ ધ્યાન દોરી શકે છે. આરોપી હંમેશા અદાલતને ધ્યાને લાવી શકે છે કે, જ્યાં સુધી અદાલતને ખાતરી ન થાય કે ઉક્ત દ્વિસ્તરીય જરૂરિયાતોનું સંપૂર્ણ અનુપાલન કરવામાં આવ્યું છે, ત્યાં સુધી સમયગાળો લંબાવવાનું મંજૂર કરી શકાતું નથી.

૩૦. સમયગાળો લંબાવવાની તાર્કિક અને કાનૂની પરિણામી અસર એ છે કે, આરોપીઓને ડિફોલ્ટ જામીનનો દાવો કરવા માટે ઉપલબ્ધ અવિલોપ્ય અધિકારથી વંચિત રાખવામાં આવશે. જો આપણે એવી દલીલ સ્વીકારીએ કે, અદાલત સમક્ષ આરોપીને રજૂ કરવામાં અને સમય લંબાવવાની અરજી પર કોર્ટ વિચારણાં કરી રહી હોવાની તેને જાણ કરવામાં ફરિયાદ પક્ષ (અભિયોજન)ની નિષ્ફળતા તે માત્ર પ્રક્રિયાગત અનિયમિતતા છે, તો તે ૨૦૧૫ના અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૨) દ્વારા ઉમેરવામાં આવેલ પરંતુકને રદિયો આપતી બની રહેશે અને તે બંધારણના અનુચ્છેદ ૨૧ દ્વારા આપવામાં આવેલા અધિકારોનું ઉલ્લંઘન હોઈ શકે છે. તેનું કારણ એ છે કે, સમય લંબાવવાનું મંજૂર થતાં તે, બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જેની બાંહેધરી આપવામાં આવી છે

તેવાં મૂળભૂત અધિકારો સાથે અવિભાજ્યપણે જોડાયેલ એવો, આરોપીનો ડિફોલ્ટ જામીન મેળવવાનો અધિકાર છીનવી લે છે. વ્યક્તિની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે તે પહેલાં અનુસરવી જરૂરી છે તેવી, બંધારણના અનુચ્છેદ ૨૧ દ્વારા જેની વિચારણાં કરવામાં આવી છે તે, પ્રક્રિયા એક ન્યાયી અને વાજબી પ્રક્રિયા હોવી ઘટે. હકીકતમાં, અનુચ્છેદ ૨૧ દ્વારા જેની બાંહેધરી આપવામાં આવી છે તે સ્વાતંત્ર્યનું રક્ષણ કરવામાં પ્રક્રિયાગત સેફગાર્ડ્સ મહત્વની ભૂમિકા ભજવે છે. આરોપીને અદાલત સમક્ષ પ્રત્યક્ષપણે કે વર્ચ્યુઅલી હાજર કરવામાં અને સરકારી વકીલે કરેલ સમય વધારવાની અરજી પર અદાલત વિચારણા કરી રહી હોવાની જાણ કરવામાં નિષ્ફળતા તે માત્ર પ્રક્રિયાગત અનિયમિતતા નથી. તે આરોપીના અનુચ્છેદ ૨૧ હેઠળના અધિકારોનું હનન કરતી ઘોર ગેરકાયદેસરતા છે.

૩૧. એવી દલીલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે, આરોપીને રજૂ કરવામાં નિષ્ફળતાથી આરોપી સાથે કોઈ પૂર્વગ્રહ થતો નથી. અગાઉ નોંધ્યું છે તેમ, તપાસ પૂરી કરવા માટે સમય લંબાવવાની મંજૂરી આરોપીના ડિફોલ્ટ જામીન માટે અરજી કરવાના અવિલોપ્ય અધિકારને છીનવી લે છે. તે મુદત લંબાવવાની અરજ વિરુદ્ધ મર્યાદિત વાંધો ઉઠાવવાનો આરોપીનો અધિકાર આંચકી લે છે. સમય વધારવા માટેની અરજી પર વિચારણા સમયે આરોપીઓને અદાલત સમક્ષ રજૂ કરવામાં નિષ્ફળતા તે બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જેની

બાંહેધરી આપવામાં આવી છે તે અધિકારનું ઉલ્લંઘન છે. આમ, પૂર્વગ્રહ સહજપણે છે અને આરોપીએ તેને સાબિત કરવાની જરૂર નથી.

૩૨. વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલે **નરેન્દર જી. ગોયલ**ના કેસમાં આ અદાલતના નિર્ણય પર આધાર લીધો હતો. તે કેસમાં સામેલ મુદ્દો તપાસ પૂરી કરવા માટે સમય વધારવા બાબતનો નહોતો. તેમાં સામાન્ય રીતે જે મુદ્દા પર ચર્ચા કરવામાં આવી છે તે તપાસના તબક્કે આરોપીને સાંભળવાના અધિકાર વિશે છે. **સુરેન્દ્ર પુંડલિક ગાડલિંગ**ના કેસમાં આ અદાલતના ચુકાદા પર લીધેલો આધાર તેમને બિલકુલ મદદ કરશે નહીં. આ એક એવો કેસ હતો જેમાં આરોપીને માત્ર અદાલતમાં રજૂ જ નહોતો કરાયો, પરંતુ તેને સમય વધારવા માટેની અરજીની એક નકલ પણ આપવામાં આવી હતી. આરોપીની ફરિયાદ એ હતી કે અરજીને પડકારવા માટે માત્ર એક જ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. આ દલીલ નકારવામાં આવી હતી.

૩૩. હાથ પરના કેસોની હકીકતોમાં, જ્યારે વિશેષ અદાલતે સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા સમયગાળો લંબાવવા માટેના અહેવાલો પર વિચારણાં કરી, ત્યારે અપીલકર્તાઓને વ્યક્તિગત રીતે કે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ અદાલત સમક્ષ હાજર રાખવામાં આવ્યા નહોતા. તે પણ એક સ્વીકૃત સ્થિતિ છે કે સરકારી વકીલ દ્વારા આવા અહેવાલો દાખલ કરાયા અંગેની માહિતી આરોપીઓને આપવામાં આવી ન હતી. વાદગ્રસ્ત ચુકાદામાં ઉલ્લેખ કરવામાં

આવ્યો છે કે, કોવિડ–૧૯ના કારણે આરોપીઓને વિશેષ અદાલત સમક્ષ પ્રત્યક્ષ રીતે રજૂ કરવાની મંજૂરી નહોતી. વધુમાં, આરોપીઓ જુદી જુદી જેલોમાં હતા અને તેથી, વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેમને હાજર રાખવામાં ઘણો વિલંબ થયો હોત. આરોપીઓને હાજર કરવાની કવાયત ધીમી હશે તેવું ધારી લેવું એ વિડિયો કોન્ફરન્સિંગથી આરોપીઓને હાજર નહિ રાખવા માટેનું કોઇ બહાનું નથી. જ્યારે સમયગાળો વધારવાનું મંજૂર કરતાં હુકમો પસાર કરવામાં આવ્યા, ત્યારે જાન્યુઆરી ૨૦૨૧માં સંબંધિત અદાલતને લાગૂ પડતી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર મુજબ આરોપીઓને વ્યક્તિગત રીતે વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવાની પરવાનગી નહોતી તેવું દર્શાવતું કશું પણ આ અદાલત કે વડી અદાલત સમક્ષ રેકોર્ડ પર મૂકવામાં આવ્યું નથી. તકનીકી કારણો/મુશ્કેલીઓને કારણે ફરિયાદ પક્ષ આરોપીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ અદાલત સમક્ષ રજૂ કરી શક્યો નહિ તેવું દર્શાવવા માટે કોઈ સામગ્રી રેકોર્ડ પર મૂકવામાં આવી નથી. એ સ્વીકારવું શક્ય નથી કે જાન્યુઆરી ૨૦૨૧માં ગુજરાત રાજ્યના રાજકોટ ખાતેની અદાલતમાં કનેક્ટિવિટીનો કોઈ પ્રશ્ન હતો. હકીકતમાં, સ્વીકૃતપણે, વડી અદાલત સમક્ષ સામાવાળાઓની દલીલોમાં આવો કોઈ કેસ લેવામાં આવ્યો નહોતો.

૩૪. અમારે અત્રે નોંધ લેવી રહી કે ૯૦ દિવસનો સમયગાળો પૂરો થવાના લગભગ એક અઠવાડિયા પહેલાં સરકારી વકીલ દ્વારા અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા. કોઈપણ કિસ્સામાં, નેવું દિવસનો સમયગાળો પૂરો થવામાં સાત દિવસ કે તેથી વધુનો સમયગાળો ઉપલબ્ધ હતો. જે દિવસે સરકારી વકીલ દ્વારા અહેવાલો રજૂ કરવામાં આવ્યા હતા તે જ દિવસે તેના પર વિશેષ અદાલતે હુકમો પસાર કર્યા હતા. આટલી ઉતાવળ કરવાનું કોઈ કારણ નહોતું. પ્રત્યક્ષપણે કે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આરોપીઓને હાજર રાખવા વિશેષ અદાલત હંમેશા ફરિયાદ પક્ષને બે દિવસનો સમય આપી શકતી હતી. આરોપીઓ અહેવાલમાં સમાવિષ્ટ બાબતો જાણવાને હકદાર ન હોઈ શકે, પરંતુ કાયદાકીય રીતે તેમને ઉપલબ્ધ આધારો મુજબ, સમય લંબાવવા સામે વિરોધ કરવાનો તેમને અધિકાર છે. હાલના કેસની હકીકતોમાં, બંધારણીય બેન્ચ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ આવશ્યકતાઓનું અનુસરણ કર્યા વિના, સમય લંબાવવાને આપવામાં આવેલી મંજૂરીએ આરોપીઓને ડિફોલ્ટ જામીન મેળવવાના તેમના અધિકારથી વંચિત કરી દીધા છે. તે ન્યાયની નિષ્ફળતામાં પરિણમ્યું છે.

૩૫. જ્યારે પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા સમયગાળો લંબાવવા માટે કરવામાં આવેલ અરજ પર વિચાર કરવામાં આવી રહ્યો હતો ત્યારે આરોપીઓને વિશેષ અદાલત સમક્ષ પ્રત્યક્ષપણે કે વર્ચ્યુઅલી હાજર રાખવામાં સામાવાળાની નિષ્ફળતાએ વિશેષ અદાલતે પસાર કરેલ સમયગાળો લંબાવવાના હુકમોને

ગેરકારદેસર બનાવ્યા છે. આ મહત્વપૂર્ણ પ્રક્રિયાગત સેફગાર્ડનું અનુપાલન સુનિશ્ચિત કરવું તે વિશેષ અદાલતની ફરજ હતી. વધુમાં, **સંજય દત્ત**ના કેસમાં આ અદાલત દ્વારા જેની વિચારણા કરવામાં આવેલી તે મૌખિક નોટિસ પણ આરોપીઓને આપવામાં આવી ન હતી.

૩૬. એકવાર જ્યારે અમે ઠેરવીએ છીએ કે તપાસ પૂરી કરવા માટે મુદત લંબાવવાને મંજૂરી આપતાં હુકમો ગેરકાયદેસર છે અને તે રદબાતલ થાય છે, તે પછી જે સામે આવે છે તે એ છે કે, અપીલકર્તાઓ ડિફોલ્ટ જામીન માટે હકદાર છે.

૩૭. જ્યારે તેમણે જામીન માટે અરજી કરી હતી, ત્યારે સમયગાળો લંબાવવાને કોર્ટે મંજર કર્યું હોવાની અપીલકર્તાઓને કોઈ સૂચના નહોતી. વધુમાં, અરજીઓ ચાર્જશીટ દાખલ થયા પહેલાં કરવામાં આવી હતી. તેથી, અપીલકર્તાઓ ડિફોલ્ટ જામીન મેળવવા માટે હકદાર છે. આ તબક્કે, અમે અત્રે નોંધ કરીએ છીએ કે, આ અદાલતે **સંજય દત્ત** કેસમાં તેમજ **બિક્રમજીત સિંહ**ના કેસમાં ઠેરવ્યું હતું કે, ડિફોલ્ટ જામીન મંજૂર થવાં તે, ચાર્જશીટ દાખલ થયા પછી સચોટ આધારો પર અરજદારોની ફેર–ધરપકડ કરવાને અટકાવતું નથી. ત્યારબાદ, આરોપીઓ હંમેશા નિયમિત જામીન માટે અરજી કરી શકે છે. જો કે, **મોહમ્મદ ઈકબાલ મદાર શેખ અને અન્યો વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય**[18]ના કેસમાં આ અદાલતે ઠેરવ્યા મુજબ,

18 (૧૯૯૬) ૧ એસ.સી.સી. ૭૨૨

માત્ર ચાર્જશીટ દાખલ કરવાના આધારે ફરીથી ધરપકડ કરી શકાતી નથી. તે દરેક કેસની હકીકતો પર આધાર રાખે છે.

૩૮. તદનુસાર, તપાસ પૂરી કરવા માટે મુદત લંબાવવાના વિશેષ અદાલત દ્વારા પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમો અને હાઈકોર્ટના વાદગ્રસ્ત ચુકાદાને આથી રદબાતલ કરવામાં આવે છે. અપીલકર્તાઓને નીચેની શરતો પર ફો.કા.સં.ની કલમ ૧૬૭ ની પેટા–કલમ (૨) હેઠળ ડિફોલ્ટ જામીન પર મુક્ત કરવાના રહેશે:

(એ) અપીલકર્તાઓએ, વિશેષ અદાલત દ્વારા નિર્ધારિત કરવામાં આવે તે મુજબ, ઉચિત જામીનગીરીઓ સાથે ૩. ૨,૦૦,૦૦૦૦ નો જામીન બોન્ડ રજૂ કરવાનો રહેશે;

(બી) અપીલકર્તાઓએ જામીનગીરીઓ રજૂ કરતી વખતે તેમના પાસપોર્ટ વિશેષ અદાલતને સુપરત કરવાના રહેશે;

(સી) અપીલકર્તાઓએ આગળની તપાસમાં, જો કોઈ હોય તો, કોઈપણ રીતે દખલ કરવી નહીં અને ફરિયાદ પક્ષના સાક્ષીઓને પ્રભાવિત કરવાનો કોઈ પ્રયાસ કરવો નહીં; અને

(ડી) અપીલકર્તાઓ, વિશેષ અદાલત દ્વારા નક્કી કરવામાં આવે તેવા પોલીસ સ્ટેશનમાં અને સમયાંતરે, નિયમિત હાજરી નોંધાવશે; અને

(ઇ) અપીલકર્તાઓએ ટ્રાયલના વહેલા સમાપન માટે વિશેષ અદાલતને સહકાર આપવાનો રહેશે.

૩૯. ઉપરોક્ત શરતોએ અપીલ મંજૂર કરવામાં આવે છે.

..... ન્યાયમૂર્તિ
[અજય રસ્તોગી]

..... ન્યાયમૂર્તિ
[અભય એસ. ઓકા]

નવી દિલ્હી;
૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.